પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News
RNI NO:- 67073/97
વર્ષ:૨૪, અંક:૨૭૯, કુલ પાના:૪, તારીખ: ૨૦-૦૭-૨૦૨૧ મંગળવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 279 PRICE :-RS. 1.50 DATE : 20-07-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર
ઈ-પેપર જોવા વોટ્સએપ પર
નામ લખી મેસેજ કરો.
મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## મુશળધાર વરસાદ બાદ મોતનું માતમ

# ઠાણેમાં ભૂસ્ખલનના લીધે ૫ ના મોત, દેવભૂમિમાં પણ ૩ ના જીવ ગયા



મુંબઈ,

મુંબઈમાં સતત ભારે વરસાદને કારણે ઠાણેના કલવા વિસ્તારમાં લેંડસ્લાઈડ પરથી ટેકરી પરનો કાટમાળ એક ઘર પર પડ્યો. જેના કારણે તે ઘરના ૭ સભ્યો કાટમાળમાં દબાઈ ગયા હતા. ઘટનાને કારણે પરિવારના ૫ સભ્યોનું કરૂણ મોત નિપજ્યું છે. તે ૫ મૃતકો પૈકી ૩ બાળકો હતા તેવી માહિતી સામે આવી છે. જોકે સમગ્ર ઘટનામાં ૫ વર્ષની બાળકીને અને ૧૮ વર્ષના બાળકનું સમયસર રેસક્યુ કરી લેવામાં આવ્યું. જેના કારણે તેઓ બચી ગયા. અગાઉ ગઈકાલે પણ મુંબઈમાં ભારે વરસાદને કારણે ૩૦ લોકોના મોત નિપજ્યા હતા.

બીજીતરફ ઉત્તરાખંડના ઉત્તરકાશી જિલ્લામાં આવેલ માંડો ગામમાં વાદળ ફાટવાને કારણે ૩ લોકોના મોત નિપજ્યા છે. જ્યારે ૪ લોકો હજુ પણ લાપતા છે. આ મામલે SDRFની ટીમ રેસક્યૂ ઓપરેશનમાં જોડાયેલી છે. ઉત્તરાખંડના ઘણા જિલ્લાઓમાં છેલ્લા અમુક દિવસોથી વરસાદ પડી રહ્યો છે. જેના કારણે નદીઓમાં ભારે પાણીની આવક થઈ છે. પરિણામે પૂરની આશંકા પણ સેવાઈ રહી છે.

મુંબઈમાં જે વરસાદી નદીઓ આખુ વર્ષ સુકાયેલી રહે છે. ત્યા પણ ભારે વરસાદને કારણે પાણીની મોટી પ્રમાણમાં આવક થઈ છે. અડવલી ભૂતવલી ગામમાં અમુક ખેડૂતો ખેતરે ગયા હતા. પરંતુ નદીમાં પાણીનું પ્રમાણ વધી જવાને કારણે ૧૨૦ જેટલા ખેડૂતો ફસાઈ ગયા હતા. જે પૈકી ૭૦ લોકોનું રેસક્યુ કરવામાં આવ્યું છે.

### રાજ્યમાં સુરત અને વલસાડની ગંભીર પરિસ્થિતિ

આ વર્ષે દેશના મોટા ભાગના રાજ્યોમાં મેઘરાજાએ ધબધબાટી બોલાવી છે. ગુજરાતની વાત કરીએ તો ગતરોજ સુરતમાં પણ ૮ ઈંચ વરસાદ પડ્યો છે. જ્યારે વલસાડમાંતો ભારે વરસાદને કારણે મધુબન ડેમમાં ૧ લાખ ક્યુસેક પાણીની આવક થઈ. જોકે તેમાથી દમણગંગા નદીમાં પાણી છોડવામાં આવ્યું તો નદી પણ તોફાની બની ગઈ છે.



- સતત ભારે વરસાદને કારણે મુંબઈમાં ૫ લોકોના મોત.
- ઉત્તરાખંડમાં વાદળ ફાટતા ૩ના મોત ૪ લોકો ગાયબ.
- રેસ્કયુ ટીમ દ્વારા ઓપરેશન યથાવત.

## દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની હવામાન વિભાગે કરી આગાહી : સુરત-તાપીમાં યલો એલર્ટ

અમદાવાદ,

રાજ્યના પાંચ જિલ્લાઓમાં ભારે વરસાદની હવામાન વિભાગે આગાહી કરી છે. નવસારી, વલસાડ અને ડાંગમાં ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે. સુરત અને તાપી જિલ્લામાં યલો એલર્ટ અપાયું છે. જ્યારે અન્ય જિલ્લાઓમાં સામાન્ય વરસાદ રહેશે. દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદને કારણે ૪૯ રસ્તાઓ બંધ થયા છે. સુરતના ૧૫,નવસારીના ૬ અને વલસાડના ૨૮ રસ્તાઓ બંધ થયા છે. પંચાયત હસ્તકના ૪૭ અને અન્ય ૨ રસ્તાઓ બંધ થયા છે. હવામાન વિભાગની આગાહી વચ્ચે રાજ્યના ઘણા જિલ્લાઓમાં વરસાદી માહોલ છે.



હવામાન વિભાગની આગાહી પ્રમાણે, અમદાવાદમાં પણ છૂટો છવાયો વરસાદ આવી શકે છે. ૨૩ જુલાઈએ બંગાળની ખાડીમાં હવાનું હળવું દબાણ સર્જાશે. ૨૪ જુલાઈથી રાજ્યમાં ફરી એકવાર વરસાદી અસર વધશે. ૫ દિવસ દરમિયાન માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપી છે.

હવામાન વિભાગની આગાહી અનુસાર દક્ષિણ ગુજરાતમાં દરિયાઈ સપાટીથી ૨.૧ કિલોમીટર પર સાયકલોનિક સર્ક્યુલેશન સર્જાતા આગામી પાંચ દિવસ ભારે વરસાદ વરસી શકે છે. હવામાન વિભાગના મતે પ્રથમ દિવસે દક્ષિણ ગુજરાતના સુરત, નવસારી અને વલસાડમાં ભારેથી અતિ ભારે વરસાદ વરસી શકે છે. જ્યારે ભરૂચ, તાપી, ડાંગ, દમણ, દાદરાનગર હવેલી, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, દીવમાં પણ ભારે વરસાદની હવામાન વિભાગે આગાહી વ્યક્ત કરી છે. જ્યારે વડોદરા, નર્મદા, સુરત, નવસારી અને વલસાડમાં પણ ભારે વરસાદની આગાહી હવામાન વિભાગે કરી છે.

બીજા દિવસે ડાંગ, નવસારી, વલસાડ, દમણ, દાદરાનગર હવેલીમાં પણ ભારે વરસાદની આગાહી છે. ત્રીજા દિવસે ડાંગ, નવસારી, વલસાડ, દમણ, દાદરાનગર હવેલીમાં ભારે વરસાદ વરસી શકે છે. આ સિવાય આજે ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતના કેટલાક જિલ્લામાં સામાન્યથી હળવો વરસાદ વરસી શકે છે.

અરવલ્લી, બનાસકાંઠા, મહેસાણા, સિદ્ધપુર, વિસનગર, હારીજ અને સમીમાં પણ સામાન્ય વરસાદ વરસી શકે છે. તો ૨૨ જુલાઈથી ૨૫ જુલાઈ વચ્ચે રાજ્યના મોટા ભાગના વિસ્તારોમાં સારો વરસાદ વરસી શકે છે.

## હોસ્પિટલો પૈસા કમાવાનું સાધન, લોકોની જિંદગીની કિંમત પર અમે સમૃધ્ધ નહીં થવા દઈએ: સુપ્રિમ

નવી દિલ્હી,

સર્વોચ્ચ અદાલતે આજે ખાનગી હોસ્પિટલોને ફટકાર લગાવતા કહ્યું કે આવી હોસ્પિટલો રૂપિયા કમાવાનું એક સાધન બની ગઈ છે, પરંતુ અમે કોઈ પણ કિંમત પર તેમને સમૃધ્ધ નહીં થવા દઈએ, ન્યાયાધિશ ડી વાય ચંદ્રચુડ ને એમ આર શાહની બેન્ચે કહ્યું કે હોસ્પિટલો એક મોટો બિઝનેશ બની ગઈ છે, અને માનવ જીવનને સંકટમાં મુકીને આ બધું થઈ રહ્યું છે, તેમણે કહ્યું કે નાના મકાનોમાં ચાલતી હોસ્પિટલોનાં બદલે રાજ્ય સરકાર તેનાથી વધુ સારી સુવિધા આપી શકે છે. સારૂ એ રહેશે કે આવી હોસ્પિટલો બંધ જ થઈ જાય. સુપ્રિમ કોર્ટમાં ગુજરાતનાં રાજકોટ અને અમદાવાદની હોસ્પિટલોમાં બનેલી આગની ઘટનાઓને ધ્યાનમાં રાખીને દેશભરમાં કોવિડ–૧૯ હોસ્પિટલોમાં આગની ઘટના સંબંધિત કેસની સુનાવણી થઈ રહી હતી, સર્વોચ્ચ અદાલતે રહેવા લાયક મકાનોમાં હોસ્પિટલો શરૂ કરવાની મંજુરી આપવા માટેની સમય મર્યાદા જુન, ૨૦૨૨ સુધી વધારવાનાં ગુજરાત સરકારનાં નિર્ણયની આકરી ટીકા કરી, અને રાજ્ય સરકારને આવી હોસ્પિટલોને રાહત આપનારી નોટિફિકેશન પાછી ખેંચવા કહ્યું છે. કોર્ટે કહ્યું કે જે દર્દીઓ કોવિડથી સાજા થઈ ગયા હતા અને આગલા દિવસે તો તેમને રજા આપવાની હતી, પરંતુ આગ લાગવાથી તેમનું મોત થઈ ગયું, અને બે નર્સો પણ જીવતી સળગી ગઈ, આ માનવીય ત્રાસદી છે, જે આપણી આંખો સમક્ષ બની છે, તેમ છતાં પણ આપણે આવી હોસ્પિટલોની સમય મર્યાદા વધારી રહ્યા છીએ.

## કોરોનાની ત્રીજી લહેર પુર્વે સરકારે જીવન રક્ષક દવાઓનો બફર સ્ટોક રાખવાનું શરૂ કર્યુ

નવી દિલ્હી,

દેશમાં કોરોનાની ત્રીજી લહેરને જોતા કેન્દ્ર સરકારએ જરૂરી દવાઓ રેમડેસિવિર અને ફિવિપિરાવિરનો ૩૦ દિવસનો બફર સ્ટોક રાખવાનો નિર્ણય લીધો છે, તે ઉપરાંત સરકાર પેરાસિટામોલ, એન્ટિબાયોટિક દવાઓ અને વિટામિન જેવી સામાન્ય દવાઓ અને સપ્લિમેન્ટસ ફરીથી એકત્રિત કરી રહી છે. બીજી લહેરમાંથી બોધપાઠ લઈને સરકારે જરૂરી દવાઓની અછત ઉભી ન થાય તે માટે યુધ્ધનાં ધોરણે કાર્યવાહી શરૂ કરી છે. સરકારે રેમડિસવિરની ૫૦ લાખ શીશીઓ ખરીદવાની યોજના બનાવી છે, ICMRનાં મુખ્ય સંક્રામક રોગ નિષ્ણાત ડો. સમીરન પાંડાએ આશંકા વ્યક્ત કરી છે, કે આગામી લહેરમાં દરરોજનાં કેસમાં લગભગ ૫૦ ટકાની વૃધ્ધી થઈ શકે છે, ઓગસ્ટમાં આવનારી લહેર દરમિયાન દરરોજ એક લાખથી વધુ કેસ આવી શકે છે. નિષ્ણાતોએ વર્તમાનમાં આવી રહેલા દૈનિક સરેરાસ ૪૦થી ૪૫ હજાર કેસનાં આધારે આ અનુમાન વ્યક્ત કર્યું છે. ડો. પાંડાનાં જણાવ્યા પ્રમાણે બીજી લહેર વિધાન સભા ચુંટણીઓ અને કોવિડ ગાઈડલાઈનનાં ઉલ્લંઘનનાં કારણે આવી હતી, જો કે હાલમાં પણ અનિયત્રિત ભીડ અને રસીકરણ પુર્વે સરકારો દ્વારા રાહત આપવામાં આવી રહી છે, જેના કારણે ત્રીજી લહેર આવી શકે છે.

## પેટ્રોલના ભાવ અમીરો પર પણ ભારે, લકઝુરીયસ કારમાં ફીટ થઈ રહી છે CNG કીટ

ન્યુ દિલ્હી,

રાજ્ય અને દેશમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં દિન પ્રતિદિન વધારો થઈ રહ્યો છે. પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો થતો હોવાના કારણે અન્ય ચીજ વસ્તુના ભાવમાં પણ વધારો થઈ રહ્યો છે. રાજ્યમાં પેટ્રોલનો ભાવ ૯૮ રૂપિયાને પાર કરી ગયો છે. પેટ્રોલની સાથે–સાથે દૂધ અને શાકભાજીના ભાવમાં પણ વધારો થઈ રહ્યો છે. પેટ્રોલનો ભાવ વધતો હોવાના કારણે લોકો હવે તેમની કાર રસ્તા પર ફેરવવી પણ મોંઘી પડી રહી છે.



એક સમયે ૬૫થી ૭૦ રૂપિયા મળતા પેટ્રોલના ભાવ અત્યારે લીટરે ૯૮ રૂપિયા થયા છે. પેટ્રોલના ભાવ આસમાને પહોંચતા લોકો તેમની કારમાં હવે CNG કીટ ફીટ કરાવી રહ્યા છે. મહત્ત્વની વાત છે કે, લોકો તેમની કારમાં ૫૦૦થી ૬૦૦ રૂપિયાનું પેટ્રોલ પૂરાવે અને તેની કારને એવરેજ ૨૦ કિલોમીટરની હોય તો તે વ્યકિત ૬૦૦ રૂપિયાના પેટ્રોલમાં ૧૨૦ કિલોમીટર કાર ચલાવી શકે છે. પણ જો વ્યક્તિ તેમની કારમાં CNG કીટ ફીટ કરાવે તો તે ૫૦૦થી ૬૦૦ રૂપિયાના ગેસમાં ૧૮૦થી ૨૨૦ કિલોમીટર કાર ચલાવી શકે છે.

પેટ્રોલ કરતા વ્યક્તિને CNGથી કાર ચલાવવી વધારે સસ્તી પડી રહે છે. એટલા માટે લોકો હવે તેમની કારમાં CNG કીટ ફીટ કરાવી રહ્યા છે. એક સમયે સ્કૂલ વાન અને સામાન્ય કારમાં CNG કીટ ફીટ થતી હતી પરંતુ હવે પેટ્રોલના ભાવમાં ભડકો થતા કિયા, BMW જેવી કારમાં પણ CNG કીટ ફીટ કરાવી રહ્યા છે. વધતા પેટ્રોલના ભાવના કારણે રાજકોટમાં ઈગ્નકીટના ફીટીંગની માગમાં ખૂબ જ ઉછાળો આવ્યો છે. જે જગ્યા પર એક દિવસની ૫ કારમાં CNG કીટ ફીટ થતી હતી ત્યાં ૧૨ કારમાં CNG કીટ ફીટ થઈ રહી છે. આ ઉપરાંત ૧૫થી ૨૦ દિવસને વેઈટીંગ પણ ચાલી રહ્યું છે.

કારના માલિકોએ જણાવ્યું હતું કે, અત્યારે વાહન વગર ચાલે તેમ નથી. પણ વાહન સસ્તું ચાલે અને પબ્લિકનું કામ થાય તે માટે વાહનમાં CNG કરાવવું ખૂબ જ જરૂરી છે. CNG કાર પેટ્રોલ કરતા ૬૦% ખર્ચમાં ચાલે છે. જેમ પેટ્રોલ મોંઘુ થાય છે તેમ લોકોના CNG સસ્તું પડી રહ્યુ છે.

CNG કીટ ફીટ કરનાર વ્યક્તિએ જણાવ્યું હતુ કે, પહેલા આપણે ત્યાં ૫ કારમાં કીટ ફીટીંગ થતી હતી. પણ હવે એક દિવસમાં ૧૦થી ૧૨ કારમાં કીટનું ફીટીંગ થાય છે. આ ઉપરાંત ૧૦થી ૧૫ દિવસનું વેઈટીંગ પણ છે. એટલે લોકોના વારા અમે લખતા રહીએ છીએ રોજની ૧૦થી ૧૨ કાર લઈએ છીએ.

## મોદી સરકારનો સંસદમાં ખૂલાસો : ૩.૩૫ લાખ કરોડથી ભરાઈ સરકારની તિજોરી

ન્યુ દિલ્હી,

જાણી લો કે પેટ્રોલ અને ડીઝલના વેચાણથી કેન્દ્ર સરકારને થનારી આવક માર્ચમાં સમાપ્ત થયેલા વર્ષમાં ૮૮ ટકા વધીને ૩.૩૫ લાખ કરોડ રૂપિયાએ પહોંચી ગઈ છે. સરકારે આ દરમિયાન એક્સાઈઝ ડ્યુટીમાં પણ રેકોર્ડ વધારો કર્યો છે. આ માહિતી સરકાર દ્વારા જ સોમવારે લોકસભામાં આપવામાં આવી છે.



સરકારે લોકસભામાં જણાવ્યું કે પેટ્રોલના વેચાણ પર એક્સાઈઝ ડ્યૂટી ગત વર્ષ ૧૯.૯૮ રૂપિયા પ્રતિ લિટરથી વધારીને ૩૨.૯ રૂપિયા કરવામાં આવી છે. ક્રૂડના ઈન્ટરનેશન ભાવમાં ભારે ઘટાડો અને મહામારીના કારણે ફ્યૂલની ડિમાન્ડ ઘણી ઓછી થવાથી તેના પરના ટેક્સ કલેકશનમાં ઘટાડાથી બચવા માટે એક્સાઈઝ ડ્યૂટી વધારવામાં આવી હતી. લોકસભામાં એક લેખિત જવાબમાં પેટ્રોલિયમ રાજયમંત્રી રામેશ્વર તેલીએ જણાવ્યું કે ડીઝલ પર એક્સાઈઝ ડ્યૂટીને ૧૫.૮૩ રૂપિયા પ્રતિ લિટરથી વધારીને ૩૧.૮ રૂપિયા પ્રતિ લિટર કરવામાં આવી છે. જેનાથી પેટ્રોલ અને ડીઝલ પર ટેક્સ કલેકશન વધીને આશરે ૩.૩૫ લાખ કરોડ રૂપિયા થઈ ગયું છે. જે અગાઉ ૧.૭૮ લાખ કરોડ હતું.

## ભાવપત્રકો માટે ટેન્ડર નોટિસ

ગ્રાન્ટ ઈન એઈડ ઔદ્યોગિક તાલીમ સંસ્થા ગોલ્લાવ તા.ગોધરા, જિલ્લો.પંચમહાલના બિલ્ડીંગમાં A.C.P. શીટ એલ્યુમિનિયમ પાઈપ, સિલિકોન, સ્ક્રુ, જેવા મટીરીયલ તથા મજૂરીના ભાવો માટે અધિકૃત વિક્રેતા/મંડળીઓ/વેપારીઓ/કોન્ટ્રાક્ટરો પાસેથી સીલ બંધ કવરમાં ભાવો તા.૨૧/૦૭/૨૦૨૧ થી ૩૦/૦૭/૨૦૨૧ દરમ્યાન સંસ્થાના કાર્યાલયમાંથી સવારના ૧૦:૦૦ થી સાંજના ૫:૦૦ કલાક સુધી રૂ.૫૦૦ રોકડાથી ટેન્ડર મેળવી રૂબરૂ/ટપાલથી મોકલી શકાશે. તા.૦૧/૦૮/૨૦૨૧ ના રોજ બપોર ના૧૨.૩૦ કલાકે આચાર્યશ્રી ઔદ્યોગિક તાલીમ સંસ્થા ગોલ્લાવ તા.ગોધરા જિલ્લો.પંચમહાલના કાર્યાલયમાં ટેન્ડર ખોલવામાં આવશે.

પ્રમુખશ્રી નુતન એજ્યુકેશન ટ્રસ્ટ
ગ્રાન્ટ ઈન એઈડ ઔદ્યોગિક તાલીમ સંસ્થા
ગોલ્લાવ, તા.ગોધરા જી.પંચમહાલ.

## ભાવપત્રકો માટે ટેન્ડર નોટિસ

ગ્રાન્ટ ઈન એઈડ ઔદ્યોગિક તાલીમ સંસ્થા રામપુરા પો. કાંકણપુર તા.ગોધરા, જિલ્લો.પંચમહાલના બિલ્ડીંગમાં A.C.P. શીટ એલ્યુમિનિયમ પાઈપ, સિલિકોન, સ્ક્રુ, જેવા મટીરીયલ તથા મજૂરીના ભાવો માટે અધિકૃત વિક્રેતા/મંડળીઓ/વેપારીઓ/કોન્ટ્રાક્ટરો પાસેથી સીલ બંધ કવરમાં ભાવો તા.૨૧/૦૭/૨૦૨૧ થી ૩૦/૦૭/૨૦૨૧ દરમ્યાન સંસ્થાના કાર્યાલયમાંથી સવારના ૧૦:૦૦ થી સાંજના ૫:૦૦ કલાક સુધી રૂ.૫૦૦ રોકડાથી ટેન્ડર મેળવી રૂબરૂ/ટપાલથી મોકલી શકાશે. તા.૦૧/૦૮/૨૦૨૧ ના રોજ બપોરના ૧૨.૩૦ કલાકે ઔદ્યોગિક તાલીમ સંસ્થા રામપુરા પો.કાંકણપુર તા.ગોધરા, જિલ્લો.પંચમહાલ ના કાર્યાલયમાં ટેન્ડર ખોલવામાં આવશે.

પ્રમુખશ્રી સરદાર પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ
ગ્રાન્ટ ઈન એઈડ ઔદ્યોગિક તાલીમ સંસ્થા,
રામપુરા, પો. કાંકણપુર તા.ગોધરા, જી.પંચમહાલ.

## ભાવપત્રકો માટે ટેન્ડર નોટિસ

જી.વી.એસ. હાઈસ્કુલ ગોલ્લાવ તા.ગોધરા, જિલ્લો.પંચમહાલના બિલ્ડીંગમાં A.C.P. શીટ એલ્યુમિનિયમ પાઈપ, સિલિકોન, સ્ક્રુ જેવા મટીરીયલ તથા મજૂરીના ભાવો માટે અધિકૃત વિક્રેતા/મંડળીઓ/વેપારીઓ/કોન્ટ્રાક્ટરો પાસેથી સીલ બંધ કવરમાં ભાવો તા.૨૧/૦૭/૨૦૨૧ થી ૩૦/૦૭/૨૦૨૧ દરમ્યાન સંસ્થાના કાર્યાલયમાંથી સવારના ૧૦:૦૦ થી સાંજના ૫:૦૦ કલાક સુધી રૂ.૫૦૦ રોકડાથી ટેન્ડર મેળવી રૂબરૂ/ટપાલથી મોકલી શકાશે. તા.૦૧/૦૮/૨૦૨૧ ના રોજ બપોરના ૧૨.૩૦ કલાકે આચાર્યશ્રી જી.વી.એસ. હાઈસ્કુલ ગોલ્લાવ તા.ગોધરા જિલ્લો.પંચમહાલ ના કાર્યાલય માં ટેન્ડર ખોલવામાં આવશે.

પ્રમુખશ્રી ગોલ્લાવ વિભાગ કેળવણી મંડળ
જી.વી.એસ. હાઈસ્કુલ ગોલ્લાવ,
તા.ગોધરા જી.પંચમહાલ

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# મહિસાગર જિલ્લા વહીવટીતંત્રના અધિકારીઓનું સ્તુત્ય પગલું : લાભાર્થી બાળાને રૂા.૧૦ હજારની સહાય

લુણાવાડા,

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ વિશ્વ વ્યાપી મહામારી કોરોના સમયમાં અનાથ-નિરાધાર બનેલા બાળકોની વેદના પ્રત્યેઅ સંવેદના દર્શાવતા આવા બાળકોને આર્થિક આધાર સહિત અભ્યાસ અને ભવિષ્યભની કારકીર્દિ માટે સહાયરૂપ થવા મુખ્યમંત્રી બાલ સેવા યોજના શરૂ કરી છે.

મહીસાગર જિલ્લામાં ૧૦ બાળકો અનાથ થયા હોવાનું જણાઈ આવ્યું હતું. આ અનાથ-નિરાધાર થયેલ બાળકો પૈકી માતા-પિતાની છત્રછાયા ગુમાવનાર ૦૩ વર્ષની બાળકી પોતાના પાલક વાલી સાથે આજે મહીસાગર-લુણાવાડા ખાતે જિલ્લા કલેકટર કચેરીએ આવી હતી. આ સમયે જિલ્લા કલેકટર ડો. મનિષ કુમારએ


તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

માનવીય સભર સંવેદનશીલતા દાખવીને ૦૩ વર્ષની બાળકી અને પાલક વાલીને બોલાવીને આ બાળકીના પાલક વાલી નટવરભાઈ ચૌહાણને વહીવટીતંત્ર દ્વારા બાળક અને તેમના પરિવારને લાભાર્થી બાળક ૨૪ વર્ષનું થાય ત્યાં સુધી તેની સંભાળ લેવામાં આવશે તેનો લેખિત પત્ર, રમકડાં અને મીઠાઈનું બોક્ષ આપ્યું હતું.

આ ઉપરાંત આ બાળકીને મા અમૃતમ કાર્ડ કાઢી આપવાની સાથે બાલાસિનોર પોસ્ટ ઓફિસમાં સુકન્યા સમૃધ્ધિ યોજના હેઠળ ખાતું ખોલાવી આપવામાં આવ્યું હતું. જિલ્લા કલેકટર ડો. મનિષ કુમાર અને જિલ્લા વહીવટીતંત્રના અધિકારીઓએ આ બાળકીને રૂા. ૧૦,૦૦૦/-ની સહાય કરી એક સ્તુત્યરૂ પગલું ભરી અન્યને પ્રેરણા પૂરી પાડી હતી.

કલેકટરએ પાલક વાલી અને તેમના પરિવારને સાંત્વેના અને હૂંફ આપી તેઓની કાળજી પોતે કે આવનાર અન્ય કોઈપણ કલેકટર આ બાળકોને ખાસ બાળક ગણી તેઓને સહાય અને મદદરૂપ થવામાં સૌપ્રથમ પ્રાથમિકતા આપવામાં આવશે તેમ કહ્યું હતું.

આમ, જિલ્લો કલેકટરએ અનાથ-નિરાધાર બનેલા બાળકોની વેદના સમજી તેમના પ્રત્યે સંવેદનશીલતા દર્શાવી માનવતા ઉજાગર કરવાની સાથે જિલ્લા વહીવટીતંત્રના અધિકારીઓને પણ આવા બાળકો પ્રતિ સંવેદનશીલતા દાખવવાની સાથે તેઓના ચહેરા પર સ્મિત લાવવાનો પ્રયાસ કરવાની સાથે મદદરૂપ થવા અપીલ કરી હતી.

પાલક વાલીએ પોતાનો પુત્ર અને પુત્રવધુ કોરોના મહામારીમાં ગુમાવ્યો હોઈ પોતાના પુત્રના બંને બાળકોની જવાબદારી જયારે મેં ઉપાડી છે. ત્યારે ગુજરાત સરકાર દ્વારા મુખ્યપ મંત્રી બાલ સેવા યોજના હેઠળ જિલ્લા બાળ સુરક્ષા એકમ દ્વારા કોઈપણ જાતની તકલીફ વગર તમામ દસ્તાાવેજો મેળવવાથી લઈ સહાય મંજૂર કરવા સુધીની મદદ કરી બંને બાળકોની માસિક સહાય રૂા. ૪,૦૦૦/- મંજૂર કરવા બદલ જિલ્લા કલેકટર અને જિલ્લા વહીવટીતંત્ર પ્રતિ આભારની લાગણી વ્યીકત કરી હતી. આ પ્રસંગે જિલ્લાી બાળ સુરક્ષા અધિકારી નિરવભાઇ પંડયા ઉપસ્થિત રહ્યા હતા.

# સંતરામપુરના ગર્ભપાતના કિસ્સામાં LCB પોલીસે બે મહિલાઓની ધરપકડ કરી

લુણાવાડા,

સંતરામપુરમાં ગર્ભપાત મામલે મહિસાગર એલસીબી પોલીસે ગણતરીના કલાકોમાં બે મહિલાઓની ધરપકડ કરી છે. બન્ને મહિલાઓની પુછપરછ હાથ ધરવામાં આવી.

સંતરામપુરમાં ગર્ભપાતનો વિડીયો વાયરલ મામલે રાજ્ય આરોગ્ય વિભાગ સુધી પડઘા પડયા હતા. આ મામલાની તપાસ મહિસાગર એલસીબી કરી હતી. એલસીબી પોલીસે ગર્ભપાતના મામલે ગણતરીના કલાકોમાં બે મહિલાઓની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે કાળીબેન સંગાડા અને મુન્નીબેન નામની મહિલાઓની ધરપકડ કરી પુછપરછ કરતાં ગર્ભપાતનું મોટુ રેકેટ સામે આવ્યું છે. વાયરલ વિડીયોમાં સંતરામપુર શિકારી ફળીયાનો હોવાના દાવાઓ થયો હતો. વિડીયોના આધારે શોધખોળ શરૂ થઈ હતી. તે ઘરની તપાસ કરતાં ઘર માંથી ગર્ભપાતની ગોળીઓ મળી આવી હતી. આ ઘરમાં કાળીબેન સંગાડા ૮ વર્ષથી ભાડે રહેતી હતી. આ મહિલા હોસ્પિટલમાં નર્સ તરીકે ફરજ બજાવતી હતી. તે કાળીબેન હોવાની પુષ્ટી હજી થઈ નથી તો બીજી તરફ જે હોસ્પિટલમાં કાળીબેન નર્સ તરીકે ફરજ બજાવે છે. ત્યાંના ડોક્ટર મારા ધ્યાનમાં ગર્ભપાતની ઘટના વિશે જાણવામાં આવ્યું નથી.



- LCB એ કાળીબેન અને મુનીબેનની ધરપકડ કરી.
- કાળીબેનના ઘરમાંથી ગર્ભપાતની ગોળીઓ મળી આવી હતી.
- કાળીબેન ખાનગી હોસ્પિટલમાં નોકરી કરતી હતી.

# મહીસાગર જિલ્લામાં મેઘ રાજા રિસાતા ખેડૂતો ચિંતાતુર

લુણાવાડા,

ગુજરાતના લગભગ બધા જ જીલ્લાઓમાં મેઘરાજાની મહેર થઈ છે પરંતુ મહીસાગર જિલ્લામાં હજુ મેઘરાજાએ જાણે ખેડૂતો અને પશુ પંખીઓની જાણે પરીક્ષા લેવાની બાકી છે. એવો વર્તાવો દેખાય રહ્યો છે તેવું લાગી રહ્યુ છે. જિલ્લામાં લગભગ બધાજ ગામોના તળાવો સુકાઈ ગયેલા જોવા મળી રહ્યા છે. જીલ્લાના પ્રજાજનો માંડમાંડ કોરોના વાયરસની ચિંતા માંથી હજુ બહાર નીકળ્યા નથી. એટલામાં વરસાદ ન પડવાથી ચિંતામાં વધારો જોવા મળે છે. ખેડૂતો એ આ કારમી


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

મોઘવારીમાં બિયારણમાં ખર્ચ કરી રહ્યા છે. ખેડૂતોને વરસાદી વાતાવરણ જોઈને આજે તો પડશે જ જોવા જોવામાં દિવસો પસાર કરી રહ્યા છે. વરસાદ રાહ જોવડાવ્યા વગર વરસી જાય તો પાછી ખુશી લહેર જોવા મળી જાય. તેવુ જોવા મળી રહ્યું છે.

# સંતરામપુર નગરને હરિયાળું બનાવવા માટે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,

સંતરામપુર નગરના સંત ભુવનેશ્વરી મંદિર તેમજ ગુજરાત રાજ્ય યુવક બોર્ડ સંતરામપુર નગર દ્વારા બનાવેલ ભારતમાતા મંદિર પાસે વૃક્ષારોપણનો કાર્યક્રમ કરવામાં આવ્યો.

જેમાં જિલ્લા સહ વાલી હર્ષભાઈ દવે, જિલ્લા સંયોજક અભિષેકભાઈ, યુવા બોર્ડના સંયોજક જીગ્નેશભાઇ પગી અરવિંદભાઈ બારીયા, મંચકભાઈ પટેલ, કલ્પેશભાઈ કટારા ભારતીય જનતા પાર્ટી, મહીસાગર જીલ્લાના પ્રમુખ, સંતરામપુરના ધારાસભ્ય, મહિસાગર જિલ્લા એસી મોરચાના પ્રમુખ, સંતરામપુર નગર મંડળના મહામંત્રી, સંતરામપુર નગરના ઉપપ્રમુખ, નગરપાલિકાના સભ્યો, મહિલા મોરચાની બહેનો પાર્ટીના હોદ્દેદારો યુવા બોર્ડના સભ્યો યુવા મોરચાના મિત્રો ખુબ જ મોટી, સંખ્યામાં હાજર રહ્યા હતા. આ સાથે ભારત માતા મઢૂલી સ્થાપન અને દર્શન જિલ્લા ભાજપ પ્રમુખ, સંતરામપુર ધારાસભ્ય, યુવા બોર્ડના સવાલી પ્રોફેસર દ્વારા કરવામાં આવ્યું. આ સાથે કડાણહ ખાતે તાલુકા યુવા બોર્ડની બેઠકનું આયોજન કરી આગામી કાર્યક્રમોની રૂપરેખા નક્કી થઈ.

# હિન્દી ભાષાની "નિમ્નશ્રેણી" પરીક્ષા ૨૨,૨૩ અને ૨૪ જુલાઈએ યોજાશે

લુણાવાડા,

ભાષા નિયામકની કચેરી દ્વારા લેવાતી હિન્દી ભાષાની નિમ્નશ્રેણીની પરીક્ષા આગામી ૨૨,૨૩ અને ૨૪ જુલાઈ-૨૦૨૧ના રોજ સરકારી વાણિજ્ય કોલેજ, સેક્ટર-૧૫, ગાંધીનગર ખાતે યોજાશે. ઉમેદવારોએ કોવિડની ગાઈડ લાઈનનો ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. માસ્ક સિવાય ઉમેદવારોને પરીક્ષામાં પ્રવેશ મળશે નહિ એમ ભાષા નિયામકની કચેરીની યાદીમાં જણાવાયુ છે.

યાદીમાં વધુમાં જણાવ્યાનુસાર હિન્દી ભાષાની નિમ્નશ્રેણીની પરીક્ષાનું પેપર-૧ તા.૨૨/૭/૨૦૨૧ના રોજ બપોરે ૧૧-૦૦ થી ૧૪-૦૦ કલાકે, પેપર-૨ આજ દિવસે બપોરે ૧૫-૦૦ થી ૧૮-૦૦ કલાક દરમિયાન યોજાશે.

આ ઉપરાંત બોલચાલ શ્રેણી અને મૌખિક પરીક્ષા તા.૨૩/૭/૨૧ના રોજ સવારે ૧૧-૦૦ કલાકથી અને શ્રુતલેખન સાથે મૌખિક પરીક્ષા તા.૨૪/૭/૨૧ના રોજ ૧૧-૦૦ કલાકથી યોજાશે. તો જે ઉમેદવારોએ ફોર્મ ભર્યા હોય તેવા સંબંધિત અધિકારી-કર્મચારીઓને પ્રવેશપત્ર ટપાલ દ્વારા મોકલી દેવાયા છે. તો અરજદારોએ પ્રવેશપત્ર અને કચેરીના ઓળખપત્ર સાથે ઉપસ્થિત રહેવા વધુમાં જણાવાયુ છે.

# મહિસાગર જિલ્લાના ૬ તાલુકામાં નલ સે જલ યોજના અંતર્ગત ૬૪૮૬.૧૮ લાખના કામોની યોજના મંજુર

લુણાવાડા,

નલ સે જલ યોજના અંતર્ગત મહિસાગર જિલ્લાના ૬ તાલુકાના ૪૧ ગામોના ૧૪,૭૪૫ ઘરને નળ જોડાણ માટે રૂ.૬૪૮૬.૧૮ લાખના કામોની યોજનાને મંજુર કરવામાં આવી છે.

મહિસાગર જિલ્લાના કલેક્ટરે જલ જીવન મિશન અંતર્ગત જિલ્લાનુ કોઈપણ ગામ કે ઘર નળ જોડાણ વગરનુ ન રહે જે કામો મંજુર કરવામાં આવ્યા છે તે કામો સમયમર્યાદામાં પુર્ણ થાય તે જોવા અનુરોધ કર્યો હતો. જિલ્લામાં હાલ પ્રગતિ હેઠળના કામોની સમીક્ષ કરી આ કામોમાં કોઈ મુશ્કેલી પડે છે કેમ તેના સહિત પાણીના શુધ્ધિકરણ કલોરીનેશન અંગે જાણકારી મેળવી કામો સત્વરે પુર્ણ થાય તેમ સુચવ્યુ હતુ.

નલ સે જલ કાર્યક્રમ અન્વયે જિલ્લાના ૬ તાલુકાના ૪૧ ગામોના ૧૪,૭૪૫ ઘરોને નળ જોડાણ આપવા માટે રજુ કરવામાં રૂ.૬૪૮૬.૧૮ લાખના કામોની યોજનાઓને મંજુરી આપવામાં આવી હતી. આ યોજના સંપુર્ણ થશે પંથકના ૧૦૦ ટકા ઘર નળ જોડાણ ધરાવતા હશે.

# ઝાલોદના સારમારીયા ગામે જમીનની તકરારમાં ચાર ઈસમો ધિંગાણું મચાવતા ફરિયાદ

ઝાલોદ,

ઝાલોદ તાલુકાના સારમારીયા ગામે જમીન સંબંધી મામલે ચાર ઈસમોના ટોળાએ પોતાની સાથે લાકડીઓ, પથ્થરો લઈ કીકીયારીઓ કરી એક વ્યક્તિના ઘર તરફ ટોળા ધસી આવી મહિલા સહિત પાંચ થી છ જણાને લાકડી વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી શરીર તેમજ હાથે પગે અને માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચાડી લોહીલુહાણ કરી ભારે ધિંગાણું મચાવતાં પંથકમાં ભયનો માહોલ છવાઈ ગયો હતો.

ગત તા.૧૮મી જુલાઈના રોજ સારમારીયા ગામે પરમાર ફળિયામાં રહેતાં રવાભાઈ હુમલાભાઈ ભાભોર, જવાભાઈ હુમલાભાઈ ભાભોર, હવાભાઈ હુમલાભાઈ ભાભોર અને રાધેશભાઈ રવાભાઈ ભાભોર આ ચારેય જણા ગેરકાયદે મંડળી બનાવી પોતાની સાથે હાથમાં લાકડીઓ તેમજ પથ્થરો લઈ ગામમાં રહેતાં વાલાભાઈ તેરસીંગભાઈ ભાભોરના ઘરે આવ્યાં હતાં અને બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, સર્વે નંબર ૧૪૯ અને ૧૪૨/૫ વાળી જમીન અમારી છે જે જમીન તમોને આપવાની નથી તેમ કહેતા વાલાભાઈ કહેલ કે, આ જમીન પંચ રાહે નહીં આપીએ, તેમ કહેતાં ઉપરોક્ત ચારેય જણા એકદમ ઉશ્કેરાયાં હતાં અને પોતાની સાથે લાવેલ લાકડી વડે સામાભાઈ, જીવલીબેન, વિનુભાઈ અને વાલાભાઈને માર મારી ગડદાપાટ્ટુનો પણ માર મારી શરીરે. હાથે પગે તેમજ માથાના ભાગે ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકી આપતાં આ સંબંધે ઈજાગ્રસ્ત વાલાભાઈ તેરસીંગભાઈ ભાભોરે લીમડી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદના ભીલવાડામાં જાહેરમાં જુગાર રમતા બે ઈસમોને ઝડપ્યા

દાહોદ,

દાહોદ શહેરના ભીલવાડા વિસ્તારમાં જાહેરમાં પાના પત્તા વડે પૈસાથી હારજીતનો જુગાર રમતાં ૦૪ પૈકી બે જુગારીઓને પોલીસે ઝડપી પાડી જ્યારે બે જણા પોલીસને ચકમો આપી નાસી જતાં પોલીસે સ્થળ પરથી રોકડા રૂપીયા ૧૦,૧૦૦ની રોકડ રકમ કબજે લઈ અન્ય બે જણાના પણ ધરપકડના ચક્રોગતિમાન કર્યાં છે.

ગત તા.૧૮મી જુલાઈના રોજ દાહોદ શહેરના ભીલવાડા તળાવ ફળિયા ખાતે મંદિરની આડમાં ખુલ્લી જગ્યામાં વિશાલભાઈ વિનુભાઈ સાંસી (રહે. ભીલવાડા), કિશોરકુમાર રમેશચંદ્ર સીંધી (રહે. શાકરદા, નિશાળ ફળિયું, તા.દાહોદ), અજય ઉર્ફે બોડી કાળીયાભાઈ સાંસી (રહે. મારવાડી ચાલ) અને ગણેશભાઈ નરીયાભાઈ સાંસી (રહે.ભીલવાડા) આ ચારેય જણા પાના પત્તા વડે પૈસાથી હારજીતનો જુગાર રમતાં હતાં. આ અંગેની બાતમી દાહોદ શહેર પોલીસને મળતાં પોલીસે આ સ્થળ પર ઓચિતો છાપો મારતાં જુગારીઓમાં નાસભાગ મચી જવા પામી હતી. આ દરમ્યાન અજય ઉર્ફે બોડી કાળીયાભાઈ સાંસી અને ગણેશભાઈ નરીયાભાઈ સાંસી બંન્ને જણા પોલીસને ચકમો આપી નાસી ગયાં હતાં જ્યારે વિશાલભાઈ વિનુભાઈ સાંસી અને કિશોરકુમાર રમેશચંદ્ર સીંધીને પોલીસે ઝડપી પાડ્યાં હતાં. પોલીસે સ્થળ પરથી રોકડા રૂપીયા ૧૦,૧૦૦ની રોકડ રકમ કબજે કરી ઉપરોક્ત ચારેય જુગારીઓ વિરૂધ્ધ જુગાર ધારાની કલમ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સંજેલીના ગસલી ગામે સગીરાના લગ્નની લાલચે ભગાડી જતાં ફરિયાદ

સંજેલી,

દાહોદ જિલ્લાના સંજેલી તાલુકાના ગસળી ગામેથી એક ૧૫ વર્ષીય સગીરાને પ્રેમના પાઠ ભણાવી, લગ્નની લાલચ આપી પત્નિ તરીકે રાખવા સારૂ એક યુવક અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે પોલીસમાં ફરિયાદ નોંધાવા પામી છે.

ગત તા.૦૧ જુલાઈના રોજ સંજેલી તાલુકાના ઈંટાડી ગામે રહેતો દેવેન્દ્રભાઈ ઉમેશભાઈ ચારેલે સંજેલી તાલુકામાં રહેતી એક ૧૫ વર્ષીય સગીરાને પ્રેમના પાઠ ભણાવી, લગ્નની લાલચ આપી પત્નિ તરીકે રાખવા સારૂ ગસળી ગામેથી અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે સગીરાના પિતા દ્વારા સંજેલી પોલીસ મથકે ઉપરોક્ત યુવક વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ફતેપુરા-સંતરામપુર રોડ પર વાહનની રાહ જોતા પરિવારને અલ્ટો ચાલકે અડફેટમાં લેતા પિતા અને બે બાળકોને ઈજા

દાહોદ,

નાના નટવાના રાજુભાઈ ડામોર તથા પત્નિ અને બે બાળકો પાલનપુરથી સાસરી કરોડિયાપુર્વ આવ્યા હતા જેથી ઘરે પરત જવા માટે વડવાસથી દુર ફતેપુરા-સંતરામપુર રોડની સાઈડમાં વાહનની રાહ જોઈને ઉભા હતા તે દરમિયાન અલ્ટો ગાડીના ચાલકે પોતાનુ વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારતા રાજુભાઈ તથા તેમની પુત્રી શિવુ અને પુત્ર દેવાંશ સાથે અડફેટમાં લઈ ગાડી રોડની સાઈડમાં પલ્ટી ખવડાવી દેતા જેમાં રાજુભાઈને જમણા હાથના ખભા ઉપર તથા જમણી આંખની નીચેના ભાગે તથા શિવુને કપાળના ભાગે અને જમણ પગના થાપા ઉપર તથા દેવાંશને માથાના ભાગે ઈજાઓ પહોંચી હતી. તેમજ અલ્ટો ગાડીમાં બેઠેલા બે વ્યકિતઓને પણ સામાન્ય ઈજાઓ થવા પામી હતી. ઈજાગ્રસ્ત રાજુભાઈ તથા તેમના બાળકોને ફતેપુરા સરકારી દવાખાને અને ત્યાંથી વધુ સારવાર માટે લુણાવાડાના ખાનગી દવાખાને ખસેડવામાં આવ્યા હતા. અકસ્માત સંદર્ભે રાજુભાઈએ અલ્ટો ગાડીના ચાલક સામે ફરિયાદ નોંધાવતા પોલીસે આગળ કાર્યવાહી હાથ ધરી હતી.

# દે.બારીયા ગામેથી ફોર વ્હીલરમાં લઈ જવાતો ૯૩ હજારના દારૂ સાથે ચાલક ઝડપ્યો

દે.બારીયા,

દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ નગરમાંથી પોલીસે એક ક્રુઝર ફોર વ્હીલર ગાડીમાંથી વિદેશી દારૂની બોટલો નંગ.૧૨૬૦ કિંમત રૂા.૯૩,૦૦૦નો વિદેશી દારૂના જથ્થા સાથે ક્રુઝર ગાડીના ચાલકને ઝડપી પાડી ગાડીની કિંમત મળી કુલ રૂા.૩,૯૩,૦૦૦નો મુદ્દામાલ કબજે કર્યાંનું જાણવા મળે છે. ગરબાડા તાલુકાના માતવા ગામે ડામોર ફળિયામાં રહેતો અમરભાઈ રમણભાઈ ડામોર ગત તા.૧૮મી જુલાઈના રોજ પોતાના કબજાની ક્રુઝર ફોર વ્હીલર ગાડી લઈ દેવગઢ બારીઆ નગરના શુક્રવારી હાટ બજારમાંથી પસાર થઈ રહ્યો હતો. આ દરમ્યાન પોલીસને આ ગાડી ઉપર શંકા જતાં પોલીસે ક્રુઝર ગાડી ઉભી રખાવી હતી અને ગાડીમાં તલાસી લેતાં પોલીસ ચોંકી ઉઠી હતી. ગાડીમાંથી વિદેશી દારૂની પેટીઓ નંગ.૫૭ જેમાં નાની મોટી બોટલો મળી કુલ નંગ.૧૨૬૦ કિંમત રૂા.૯૩,૦૦૦ના વિદેશી દારૂના જથ્થા સાથે ક્રુઝર ફોર વ્હીલર ગાડીની કિંમત મળી કુલ રૂા.૩,૯૩,૦૦૦નો મુદ્દામાલ પોલીસે કબજે લઈ ઉપરોક્ત ક્રુઝર ફોર વ્હીલર ગાડીની ચાલકની અટકાયત કરી દેવગઢ બારીઆ પોલીસે તેની વિરૂધ્ધ પ્રોહીનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના કુંડલી ગામે મકાનમાં આકસ્મિક આગ લાગતા ઘરવખરી બળીને ખાખ : મકાન માલિકને લાખોનું નુકશાન

લીમખેડા,

લીમખેડા તાલુકાના કુંડલી ગામે રોડ ફળિયામાં રહેતા ચૌહાણ નટવરભાઈ દામા ભાઈના મકાનમાં આકસ્મિક આગ લાગતા મકાન બળીને ખાખ થઇ ગયું હતું. મકાન બળીને ખાખ થઇ જતા મકાઈ ઘઉં ચણા ડાંગર સોના-ચાંદીના દાગીના સહિત ઘરવખરી સામાન કપડા લગતા પરિવારનું સર્વસ્વ આગમાં બળી જવા પામ્યું હતું.

દેવગઢબારીયા થી ફાયર બ્રિગેડના જવાનો પણ કુંડલી ગામે દોડી આવ્યા હતા, પરંતુ રસ્તાના અગવડતા ના કારણે ફાયર બ્રિગેડના જવાનો ત્યાં પહોંચી શક્યા નહોતા આસપાસના લોકો આગ હોલવવા માટે દોડી આવી મોટર ચાલુ કરી આગ બુઝાવવાના પ્રયાસ કર્યા હતા. આ ઘટનાની જાણ લીમખેડા તાલુકા વિકાસ અધિકારી એફવી બારીયા તેમજ તાલુકા પંચાયત સભ્ય રાધાબેન કિરણ બારીયા જિલ્લા સભ્ય રમીલાબેન રાવત ઘટના સ્થળે દોડી આવ્યા હતા. તાલુકા વિકાસ અધિકારી એફ.વી.બારીયા તેમજ તલાટી કમ મંત્રી હંસાબેન બારીયા એ જરૂરી પંચકયાસ કરી આગમાં અસરગ્રસ્ત પરિવારને વહેલી તકે સહાય મળે તે માટેની તજવીજ હાથ ધરવામાં આવી હતી.

# ધાનપુરના ખજુરી ગામે નારી ગૌરવહનની ઘટનામાં મહિલા આયોગના અધ્યક્ષે મુલાકાત લીધી

દાહોદ,

ધાનપુર તાલુકાના ખજુરી ગામે પરિણિતા સાથેની નારી ગૌરવહનની અમાનવીય ઘટનાને અનુસંધાને ગુજરાત મહિલા આયોગના અદયક્ષએ દાહોદની મુલાકાત લઈ તેમણે પીડિતાની મુલાકાત લઈ જાત માહિતી મેળવી હતી. દાહોદ જિલ્લા પોલીસની ત્વરિત કામગીરી ઉપરાંત તંત્રના મહિલા સુરક્ષા જાગૃતિ અભિયાનની પ્રશ્રંસા કરી હતી. તેમણે આ સંદર્ભે કલેકટર પોલીસ અધિક્ષક એ.એસ.પી. નાયબ પોલીસ અધિક્ષક પાસેથી સમગ્ર ઘટનાની માહિતી મેળવી હતી. મહિલાનુ ઉત્પીડન કરનાર તત્વો સામે કરાયેલી કાનુની કાર્યવાહીની માહિતી પણ મેળવી હતી. મહિલાઓને આવી બાબતો પ્રત્યે સંરક્ષણ આપવા અને મહિલાઓને મળી રહેલા કાયદાકિય અધિકારી પ્રત્યે જાગૃતિ ફેલાવવા માટે તંત્રના અભિયાનની પણ તેમણે જાણકારી મેળવી અભિયાનને વધુ વ્યાપક કેવી રીતે બનાવી શકાય તે માટે કેટલાંક માર્ગદર્શક સુચનો પણ કર્યા હતા. તેમણે મહિલા આયોગ તરફથી સહયોગની તત્પરતા પણ દર્શાવી હતી. તેમણે પીડિતાની મુલાકાત લઈ પોતાની સંવેદના વ્યકત કરી પીડિતાને મળી રહેલા કાનુની સહયોગની જાતમાહિતી મેળવી હતી.

# ફતેપુરા ઢઢેલા ગામે બસ અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાતા બાઈક ચાલકનુ મોત

ફતેપુરા,

ઢઢેલા ગામે ઝાલોદથી ફતેપુરાના નવીન માર્ગની કામગીરી કરાઈ છે. ઢઢેલાના ઉતરતા ઢાળ નજીક સરકારી બસ અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાતા બાઈક ચાલકનુ મોત નીપજ્યું હતુ. ફતેપુરા પોલીસે બસના ચાલક વિરુદ્ધ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી. ડુંગરના અબજીભાઈ ગરાસિયા (ઉ.વ.૪૫) નાઓ મોટરસાયકલ લઈને જતા હતા તે અરસામાં સરકારી બસના ચાલકે પુરપાટ રીતે બસ હંકારી લાવી ટક્કર મારતા મોટરસાયકલ પરથી રોડ ઉપર પટકાયેલા અબજીભાઈને ગંભીર ઈજાઓ થતાં ઘટના સ્થળે જ મોત નીપજયું હતુ. બનાવ સંદર્ભે મરણ પામેલ પુત્ર વિકાસ ગરાસિયાની ફરિયાદના આધારે ફતેપુરા પોલીસે બસના ચાલક વિરુદ્ધ ગુનો દાખલ કરી આગળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# દાહોદ જિલ્લામાં નાનું કુટુંબ, સુખી કુટુંબ સૂત્રને કેન્દ્રમાં રાખી યોજાઇ રહ્યાં છે વિવિધ જનજાગૃતિ કાર્યક્રમો


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

વિશ્વમાં વસ્તીની સ્થિરતા લાવવા અને આ અંગે જનતામાં જાગૃતિ લાવવા માટે ભારત સરકાર અને ગુજરાત સરકાર દ્વારા પ્રતિવર્ષ ''વિશ્વ વસ્તી દિવસ '' ની ઉજવણી કરવામાં આવે છે. જેના ભાગરૂપે ગત તા. ૨૭ જૂન થી ૧૦ જુલાઈ દરમિયાન દાહોદ જિલ્લા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગે સમગ્ર પખવાડિયા દરમિયાન લોકજાગૃતિ તેમજ આરોગ્યલક્ષી કાર્યક્રમો યોજયા હતા. જેમાં અધિક જિલ્લા આરોગ્ય અધિકારી ડો. આર. ડી. પહાડિયાની રાહબરીમાં આ કાર્યક્રમો યોજાયા હતા.

જનજાગૃતિ અર્તગત દંપતી સંપર્ક પખવાડિયુ અને જનસખ્યાં સ્થિરતા પખવાડિયા અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. જેમાં આરોગ્ય કર્મચારીઓ અને આશા વર્કર દ્વારા પોતપોતાના વિસ્તારમાં આ કાર્યક્રમ વિશે જાગૃતિ લાવવામાં આવી હતી. આ સાથે કુટુંબ કલ્યાણ પ્રદર્શન, જરૂરતમંદ લાભાર્થીઓને કુટુંબ નિયોજન અંગે માહિતી, આઇઈસી દ્વારા બેનર, પોસ્ટર અને હોર્ડિંગ લોગો, સુત્રો, પ્રદર્શન વગેરે દ્વારા પ્રચાર અને પ્રસારની કામગીરી સરસ રીતે કરાઈ હતી.

ઉકત સમયગાળામાં કુટુંબ કલ્યાણ ક્ષેત્રે કાયમી ઓપરેશનમાં સ્ત્રી ઓપરેશન ૩૭ આ ઉપરાંત બિનકાયમી પદ્ધતિઓમાં કોપર ટી ૧૮૬૨ ઓપરેશન, નિરોધ ૧,૩૬,૮૬૦, ઓરલ પીલ્સ ૧૪,૦૧૯, અંતરા ૩૫૨ જેવી કામગીરી એક અભિયાનરૂપે કરવામાં આવી હતી.

આ ઉપરાંત તા. ૧૧ જુલાઈ થી ૨૪ જુલાઈ દરમિયાન લક્ષિત દંપતીઓની કુટુંબ કલ્યાણની કાયમી અને બિન કાયમી પદ્ધતિઓ જેવી કે પુરૂષ નસબંધી, સ્ત્રી નસબંધી, કોપર–એકસઇ/પીપીઆઇયુસીડી, ઓરલ પિલ્સ, છાયા, અંતરા, નિરોધ વગેરે પદ્ધતિઓથી રક્ષિત કરી નાનું કુટુંબ–સુખી કુટુંબ નું દયેય લક્ષમાં રાખી વસ્તી નિયત્રણ તેમજ બે બાળકો વચ્ચે અંતર રાખી માતા અને બાળકનું આરોગ્ય સુદ્રઢ થાય તે માટે કુટુંબ કલ્યાણ લક્ષિત સેવાઓ આપવામાં આવી રહી છે.

એક દિકરી ઉપર નસબંધી કરાવનાર લાભાર્થીને રૂ.૬૦૦૦ ના રાષ્ટ્રીય બચતપત્ર અને બે દિકરી ઉપર નસબંધી કરાવનાર લાભાર્થીને રૂ.૫૦૦૦ના રાષ્ટ્રીય બચતપત્ર આપવામાં આવે છે. પુરૂષ નસબંધી કરાવનારને રૂ. ૨૦૦૦ અને સ્ત્રી નસબંધી કરાવનારને રૂ. ૧૪૦૦ તેમજ પ્રસુતિ બાદ ૭ દિવસમાં કાયમી સ્ત્રી નસબંધી કરાવનારને રૂ.૨૨૦૦ સહાય આપવામાં આવે છે.

પ્રસુતિ બાદ ૪૮ કલાકમાં પીપીઆઈયુસીડી મુકાવાનારને રૂ.૩૦૦ ની સહાય આપવામાં આવે છે. આ વર્ષે ૧૧ જુલાઈ–૨૦૨૧ના રોજ શ્વિવ વસ્તી દિવસનું સૂત્ર આપદામાં પણ કુટુંબ નિયોજનની તૈયારી, સક્ષમ રાષ્ટ્ર અને પરિવારની સંપૂર્ણ જવાબદારી ને લક્ષમાં રાખીને સમગ્ર કાર્યક્રમો યોજવામાં આવી રહ્યાં છે.

દાહોદ જીલ્લાના જીલ્લા વિકાસ અધિકારી તેજસ પરમાર અને અધિક જીલ્લા આરોગ્ય અધિકારી ડો. રમેશ પહાડીયાએ વિશ્વ વસ્તી દિવસ પખવાડિયા દરમિયાન તમામ લક્ષિત દંપતીઓ પરિવારની આરોગ્ય સુખાકારી માટે કુટુંબ કલ્યાણ સેવાઓનો લાભ અશ્વય લે તેવી અપીલ કરી છે.

# દે.બારીયા થી હિંમતનગર ST બસને ફરી ચાલુ કરવાની માંગ ઉઠી

દે.બારીયા,

દે.બારીયા એસ.ટી.ડેપો ગોધરા વિભાગીય એસ.ટી.કચેરી તાબે આવે છે. બારીયા એસ.ટી.ડેપોના અનેક રૂટો બંધ હતા. કોરોના જેવી મહામારીના કારણે જેવાં કે, રાજકોટ બસનો રૂટ તથા વલસાડ, વાપી સાથે ગ્રામ્યના લોકલ રૂટ પણ બંધ કરવામાં આવ્યા હતા. જેમાં બારીયા થી હિંમતનગર તરફ ઉત્તર ગુજરાતના પેસેન્જરોને આ એસ.ટી.બસનો ઘણો સારો અને એક જ બસમાં બેસીને જવા માટેનો રૂટને બંધ કરાતા અને હવે ફરી તમામ રૂટો ચાલુ અને બહાર કરાયા છે. તેમ છતાં બારીયા થી હિંમતનગર રૂટને ફરી કેમ ચાલુ કરવામાં આવ્યો નથી. તે એક યક્ષ પ્રશ્ન છે.

મળતા સૂત્રો અનુસાર દે.બારીયા થી હિંમતનગર બસનો રૂટ લગભગ સવારે સાત વાગ્યા પછી હતો. તે બસ પરત રાત્રે અગિયાર કલાકે આવતી બસ હતી. તે વિસ્તારના પેસેન્જરોના માટે આ બસ સુખદાયી અને અનુકુળ પડતી હતી. આ રૂટને ફરી ચાલુ કરવા માટે બારીયા ડેપો મેનેજરને જાગૃત નાગરિકે લેખિતમાં માંગ કરી છે અને પેસેન્જરોને સીધી બસનો લાભ મળી રહે તે માટે વિભાગીય કચેરીના પદના અધિકારીઓ બારીયા થી હિંમતનગર બસને વહેલીતકે ચાલુ કરાવવા માટે આદેશ જારી કરે કે પછી તે વિસ્તારના ડ્રાયવર કર્મી નહિ હોય અને કે પછી દક્ષિણામાં પ્રસાદી મળતી ન હોય તો પણ આ રૂટને ચાલુ કરવા માટે વાંકુ પડતું હોય તો તે તપાસનો વિષય છે ? આ રૂટ બંધ થતા મુશ્કેલીઓ આમ જનતા વેઠી રહી છે.

કોરોના કાળના બાદ એસ.ટી.નિગમે ૨૬ હજાર ટ્રીપો શરૂ કરી દીધી છે. તેના કારણે એસ.ટી. નિગમને દિવસની આવકમાં ૫.૫૦ કરોડની કમાણી વધી છે. આધારભૂત સૂત્રો અનુસાર ૬ હજાર શીડયુલ શરૂ કરાયા છે. તો આ બારીયાના પેસેન્જરો માટે ઉત્તર ગુજરાત તરફ જવા માટે બારીયા થી હિંમતનગર બસ કેમ શરૂ કરવામાં આવી નથી. શા કારણે એક બાજુ રાજય સરકારના આદેશ અનુસાર એસ.ટી. નિગમે બસ સેવામાં વધારો કર્યો છે. તો બીજી બાજુ બારીયા ડેપોની આ વાસ્તવિકતાને કોણ દેખશે ? જે રૂટ માટે પેસેન્જરોની માંગ હોય તો તે રૂટ ચાલુ કરવામાં બારીયા ડેતોના વહિવટી તંત્રને શાનો વાંધો છે. તે આવનારો સમય બતાવશે ?

# જીવનરંગ


જીજ્ઞા કપુરીયા (નિયતી)

આપણા આ સંસારરૂપી જીવનરંગ નામક રથનાં ૨ અવિભાજય અંગ હોયતો તે છે સ્ત્રી ને પુરૂષ.

બ્રહ્માજીએ જયારે સ્ત્રીનું સર્જન કર્યું ત્યારે તેને લજ્ઞા રૂપી આભૂષણ અર્પિત કર્યુ તો બીજી બાજુ પુરૂષને ધીર ગંભીર બનાવ્યાં. આપણે ઘણી વખત કહીએ છીએ કે પુરૂષને હૃદય નથી એ કઠણ કાળજાનો પણ હકીકતમાં પુરૂષ ઉપરથી ગમે એટલો કઠણ હશે પણ અંદર થી એકદમ નરમ છે. સ્ત્રી તો રડીને પોતાનું દુઃખ હળવું કરી લેશે પણ પુરૂષ એમ કરી શકતો નથી કારણ જવાબદારી. પુરૂષ પર એના પરિવારની જવાબદારી હોય છે. તમે કહેશો એક સ્ત્રી પર પણ ઘરની જવાબદારી હોય છે. માન્યું આ જવાબદારી બન્નેની છે પણ પુરૂષને કડક વલણ અપનાવવું પડે છે. પોતાની પત્ની અને બાળકોને વિકટ પરિસ્થિતિમાં સંભાળવાની જવાબદારી એક પુરૂષ બાખુબી નીભાવી જાણે છે.

આજનાં આ આધુનિક યુગમાં સ્ત્રી પુરૂષને સમાન જ દરજ્ઞો મળ્યો છે એમાં ના નહીં. મિત્રો, ઘણી વખત નિયમોરૂપી બંધનથી આપણે મુંઝાઈ જઈએ છીએ.

હું તો કહીશ કે આવા નિયમો રૂપી બંધનમાંથી મુક્ત થઈ ખુલ્લા આકાશમાં ઉડવાની હામ ભરો અને જીવન જલસાથી જીવો જીવવું તો મોજથી.

મોજની વાત આવે ને હું મારા પતિદેવને યાદ ન કરૂં એ કેમ ચાલે? એમનાં જેવો મોજીલા વ્યકિત શાયદ જ આ ધરા પર હોય. એમની એક વાત મને બહુ ગમે છે. ગમે તેવી વિકટ પરિસ્થિતિ હોય બસ ચૂપ જ રહે છે. તેઓ હંમેશા મને પણ કહેતાં હોય છે કે ,''જીજ્ઞા મગજ ઠંડો રાખ સમયને એનું કામ કરવાં દે.'' પણ મારા નામનો ઉંધો અક્ષર જ નાગ છે એટલે કયારેક ફૂંફાડો મારી દઉં છું. મારો મગજ જયારે પણ ગરમ થાય છે ત્યારે શાંત ચિતે મને ઠંડી પાડી દીધી છે! હંમેશા મોજમાં રહીને બીજાનાં મુખ પર પણ હાસ્ય વેરી દે છે. મને ઘણીવાર એમની ઈર્ષા થાય છે કે કોઈ માણસ આટલું શાંત કેવીરીતે રહીં શકતું હશે? હું મારી જાતને ભાગ્યશાળી માનું છું કે એમનાં જેવો જીવનસાથી મને મળ્યા.

મિત્રો, કહેવાનો તાત્પર્ય એ છે કે જીવન જીવવાની મજા જ ત્યારે જ આવે છે જયારે એકમેકને સમજીને એકબીજાનાં પરિવાર રૂપી જવાબદારને આપણી ગણીને સાથ આપશો તો જીવન જીવવાની મજા જ અનેરી આવશે.

મિત્રો, ફૂલને પણ કયાં ખબર છે કે સવારે એ મંદિરમાં જાશે કે પછી સ્મશાનમાં માટે બસ જિંદગી મોજથી જીવી લો કે તમારા દુશ્મનને પણ તમારી ઈર્ષા થાય અને બોલે ''જીવન જીવી જાણયા,'' ખરેખર આપણાં જીવનમાં કેવો અને કયો રંગ લાવવો છે એ નિયતીએ આપણાં જ હાથમાં આપ્યું છે, કારણ કે વિધાતાએ લેખમાં તો ફકત એક જ અક્ષર લખ્યો છે એ છે.

તથાસ્તુ

# સીંગવડના બોરગોટાની સગીરાનું અપહરણ કરી દુષ્કર્મ આચરતા ફરિયાદ

દાહોદ,

દાહોદ જિલ્લાના સીંગવડ તાલુકાના બોરગોટા ગામે ચકચારી બનાવ સામે આવ્યો છે. જેમાં બે યુવકોએ એક ૧૩ વર્ષીય સગીરાનું મોટરસાઈકલ પર બેસાડી અપહરણ કરી લઈ બંન્ને યુવકોએ સગીરા ઉપર સામુહિક બળાત્કાર ગુજારતાં પંથકમાં ચકચાર મચી જવા પામી છે. આ સંબંધે પોલીસમાં ફરિયાદ નોંધાતાં પોલીસે બંન્ને યુવકોના ધરપકડના ચક્રોગતિમાન કર્યા છે.

ગત તા.૧૩મી જુલાઈના રોજ સવારના દશેક વાગ્યાના આસપાસ સીંગવડ તાલુકાના દાસા ગામે રહેતાં મહેશભાઈ નાનજીભાઈ નિનામા અને અશ્વિનભાઈ રયજીભાઈ નિનામા આ બંન્ને યુવકો મોટરસાઈકલ પર સવાર થઈ સીંગવડ તાલુકામાં રહેતી એક ૧૩ વર્ષીય સગીરાના ઘરે આવ્યાં હતાં. સગીરાને બળજબરીપુર્વક મોટરસાઈકલ પર બેસાડી તેણીનું અપહરણ કરી લઈ બોરગોટા ગામે લઈ ગયાં હતાં જ્યાં ઉપરોક્ત બંન્ને યુવકોએ સગીરાની મરજી વિરૂધ્ધ બંન્ને યુવકોએ એકપછી એક સામુહિક બળાત્કાર ગુજાર્યો હતો. બળાત્કારનો ભોગ બનેલ સગીરા ઉપરોકત બંન્ને યુવકોના ચંગુલમાંથી છુટી પોતાના પરિવારજનો પાસે આવી હતી અને બળાત્કાર અને અપહરણની ઘટના વિશે પરિવારજનોને વાત કરતાં પરિવારજનોના પગ તળેથી જમીન સરકી ગઈ હતી.

ઘટના બાદ સગીરાને લઈ પરિવારજનો રણધીકપુર પોલીસ મથકે દોડી આવ્યાં હતાં અને સગીરા સાથે બનેલ બનાવની ફરિયાદ સગીરાના પિતા દ્વારા રણધીકપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ઉપરોકત બંન્ને યુવકો વિરૂધ્ધ બળાત્કાર સહિત અપહરણનો ગુનો ગુનો નોંધી બંન્ને યુવકોના ધરપકડના ચક્રોગતિમાન કર્યા છે.

# દાહોદ જીલ્લામાં વરૂણદેવને રીઝવવાના પ્રયાસો કર્યા


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

વરસાદ ખેચાતા ખેડૂતો ચિંતામાં મુકાયા છે. ત્યારે વરૂણદેવને રીઝવવા પ્રાચીન પરંપરા પ્રમાણે દાહોદ જિલ્લામાં કૂવારી કન્યાઓ છાણ–માટીના દેડકમાતા બનાવી ગામઠીભાષામાં ગીતો ગાતા જઈને ઘરે ઘરે ફરે છે.

ચોમાસાનો પ્રારંભ થઈ ગયો છે પરંતુ દાહોદ જિલ્લામાં ખેતી લાયક વરસાદ હજુ નથી થયો. ત્યારે જિલ્લાના ખેડૂતો ચિંતામાં મુકાયા છે. દાહોદ જીલ્લો આદિવાસી બાહુલ્ય ધરાવતો જિલ્લો છે. ત્યારે અહીંના આદિવાસી સમાજમાં અનેક અલગ અલગ પરંપરાઓ પણ રહેલી છે. જ્યારે વરસાદ ખેંચાય છે. ત્યારે પણ અલગ અલગ વિસ્તારમાં અલગ રીતે વરૂણદેવ ને રીઝવવાની વર્ષો જૂની પરંપરાઓ આજે પણ યથાવત છે. અલગ અલગ માન્યતા પ્રમાણે લોકો મેઘરાજાને રિઝવવાનો પ્રયાસ કરે છે. તેમની એક પરંપરા દેડકમાતા કાઢવાની જે ઝાલોદ તાલુકાનાં ગ્રામ્ય વિસ્તારોમાં આજે પણ જોવા મળે છે.

ઝાલોદ તાલુકાના કારઠ ખાતે પ્રાચીન સમય થી ચાલી આવતી પરંપરા પ્રમાણે જ્યારે પણ વરસાદ ખેચાય છે. ત્યારે ગામની કૂવારીકાઓ ગાયના છાણ અને માટી માંથી દેડકમાતા બનાવે છે અને તેને માથા પર મૂકી વરૂણદેવ ને રીઝવતા ગીતો ગાતા જઈને ગામના દરેક ઘરે જાય છે. દેડકદેવ સાથે આંગણે આવેલ કન્યાને પાણી થી વધાવી કન્યાઓને લોટ, ગોળ, તેલ કે ચોખા આપવામાં આવે છે. આ રીતે દરેક ઘર ઘર ફરી અને જે સીધું સામાન ભેગું થયું હોય તેનાથી બહાર જ જમવાનું બનાવીને ઉજાણી કરી જલ્દી વરસાદ આવે તે માટે વરૂણદેવને પ્રાર્થના કરવામાં આવે છે. પ્રાચીન સમય થી ચાલી આવતી પરંપરા આજે પણ યથાવત છે અને લોકોની માન્યતા પ્રમાણે વરસાદ જલ્દી આવે છે.

# સંજેલીમાં વરસાદ વરસતા ખેડૂતોમાં હરખની હેલી


તસ્વીર : ફરહાન પટેલ, સંજેલી

સંજેલી,

સંજેલીમાં આજરોજ તારીખ ૧૯/૦૭/૨૦૨૧ ના બપોરના અરસામાં અચાનક વાતાવરણમાં પલટો આવતા કાળા વાદળોએ ધરતી પર કાળાશની ચાદર પાથરી હતી બપોરના અરસામાં વરસાદ ખાબકતા નગરમાં ઠંડક ભર્યો માહોલ સર્જાયો હતો.

સંજેલીમાં છેલ્લા ત્રણ દિવસથી વાદળો હાથતાળી આપી જતા રહેતા હતા. ત્યારે પંથકમાં અસહ્ય ગરમી, બાફ, ઉકળાટથી પ્રજા ત્રાહિત્રામ પોકારી ઉઠી હતી. ત્યારે સંજેલી પંથકમાં વરસાદી માહોલ છવાયો હતો. જેને લઈ નગરજનોને ઠંડકનો અહેસાસ કર્યો હતો.

સંજેલીમાં ૧૫ થી ૨૦ મિનિટ સુધી એક ધાર્યો ફાસ્ટ ગતિએ વરસાદ ખાબકતા ખેડૂતોમાં ખુશીના વાદળો ઝગમગી ઉઠ્યા હતા. વરસાદ ખાબકતા પંથકભરમાં હરખની હેલી જોવા મળી હતી.

# દાહોદ જીલ્લામાં આજરોજ કોરોનાના બે કેસ નોંધાયા

દાહોદ,

દાહોદ જિલ્લામાં આજે ફરીવાર કોરોનાના બે કેસો નોંધાયાં છે. સતત એક સપ્તાહના સમયગાળા દરમ્યાન કુલ ૦૬ કેસો નોંધાતાં જિલ્લાવાસીઓ સહિત આરોગ્ય તંત્રમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે. એક્ટીવ કેસોની સંખ્યા વધીને ૦૭ને પાર થઈ જવા પામી છે. આર.ટી.પી.સી.આર. અને રેપીટ ટેસ્ટના મળી કુલ ૧૧૮૫ પૈકી આજે વધુ ૦૨ કોરોના પોઝીટીવ કેસો નોંધાયાં છે. આ બે કેસ પૈકી એક દાહોદ અર્બનમાંથી અને એક કેસ ઝાલોદ ગ્રામ્યમાંથી નોંધાયો છે. લગભગ દોઢ–બે માસના સમયગાળા દરમ્યાન કોરોનાની બીજી લહેર દાહોદ જિલ્લામાં શાંત પડી ગઈ હતી અને લગભગ દશેક દિવસ અગાઉ માત્ર કોરોનાનો એક કેસ સામે આવ્યો હતો. ત્યારે આજે ફરીવાર ૦૨ કેસ સામે આવતાં દાહોદ જિલ્લા આરોગ્ય તંત્ર ફરી એલર્ટ બન્યું છે. આજના બે કોરોના પોઝીટીવ સાથે દાહોદ જિલ્લામાં કોરોના એક્ટીવ કેસની સંખ્યા ૦૭ ને પાર થઈ છે. ત્યારે કોરોનાની બીજી લહેર શાંત પડ્યાં પછી હવે કોરોનાની ત્રીજી રહેરની પણ આશંકાઓ વર્તાઈ રહી છે. જેને પગલે દાહોદ જિલ્લા વહીવટી તંત્ર સમેત આરોગ્ય તંત્ર દ્વારા ત્રીજી લહેરને લઈ આગોતરી તૈયારીઓ પણ આરંભ કરી દીધી છે. દાહોદ જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૭૧૨૦ને પાર થઈ ગઈ છે. દાહોદ જિલ્લામાં કોરોનાથી અત્યાર સુધી ૩૩૮ લોકો પોતાનો જીવ ગુમાવી ચુંક્યાં છે.

# ઝાલોદના લીમડી નગરમાં થોડા દિવસ અગાઉ બનેલ લુંટની ઘટનામાં મોડાસાની સલાટ ટોળકીના બે ઈસમોને ઝડપ્યા

ઝાલોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકામાં આવેલ નાનકડુ ગામ એવા લીમડી નગરમાં થોડા દિવસ અગાઉ લુંટની ઘટના બની હતી. જેમાં અજાણ્યા ચોર ઈસમોએ એક વ્યકિત પાસેથી ચાંદીના ભોરીયા, મોબાઈલ ફોન વિગેરે લુંટી લઈ નાસી ગયાની ઘટના બની હતી. જેમાં લીમડી પોલીસે તાત્કાલિક તપાસનો ધમધમાટ આરંભ કરી સીસીટીવી ફુટેજો સહિતની ચકાસણી કરતાં આરોપીઓ મોડાસા ગયાં હોવાનું માલુમ પડતાં પોલીસ કાફલો મોડાસા રવાના થયો હતો અને લુંટમાં જે ફોર વ્હીલર વાહનનો ઉપયોગ કર્યો હતો. તેને ઈ–ગુજકોપ પોકેટ કોપ મોબાઈલ તથા સીસીટીવીના આધારે મોડાસાની સલાટ ટોળકીને મોડાસાથી ઝડપી પાડી બે જણાને જેલ ભેગા કર્યાનું જાણવા મળે છે. જયારે અન્ય આરોપીઓની પણ પોલીસે શોધખોળ ચાલુ રાખી છે.

લીમડી નગરમાં લુંટ થઈ તે સ્થળે સુભાષ સર્કલ તથા ચાકલીયા સર્કલના સીસીટીવી ફુટેજ પોલીસે તપાસ કર્યા હતાં. આ સીસીટીવીની ચકાસણી દરમ્યાન શંકાસ્પદ ઈસમો તથા ગુન્હામાં વપરાયેલ ઈકો ફોર વ્હીલર ગાડી જણાતાં પોલીસે આ દિશામાં તપાસનો આરંભ કર્યો હતો. પોલીસે ગુજરાત પોલીસના ઈ–ગુજકોપ પ્રોજેકટના ફાળવેલ મોબાઈળ પોકેટ કોપમાં સર્ચ કરતાં ઈકો ફોર વ્હીલર વાહન મોડાસાનું હોવાનું પોલીસ સમક્ષ સામે આવ્યું હતું. લીમડી પોલીસે વિલંબ કર્યા વગર મોડાસા પોલીસની ટીમ રવાના થઈ હતી. ટેકનીકલ માધ્યમોના આધારે પોલીસે લુંટમાં વપરાયેલ ઈકો ફોર વ્હીલર સાથે બે ઈસમોને ઝડપી પાડ્યાં હતાં અને તેઓની પાસેથી ચાંદીના ભોરીયા, મોબાઈલ ફોન કિંમત રૂા.૪૫,૦૦૦ તથા ગુન્હામાં વપરાયેલ ઈકો ફોર વ્હીલર ગાડી કિંમત રૂા.૪ લાખ મળી કુલ રૂા.૪,૪૫,૦૦૦નો મુદ્દામાલ કબજે કરી બંન્ને લુંટારૂઓને લીમડી પોલીસ મથકે લઈ આવી હતી અને અન્ય આરોપીઓના પોલીસે ધરપકડના ચક્રોગતિમાન કર્યા છે.

# દાહોદના આગાવાડા ગામે પરણિતાએ પતિ અને સસરા વિરૂદ્ધ શારીરિક માનસીક ત્રાસની ફરિયાદ નોંધાવી

દાહોદ,

દાહોદ જિલ્લાના દાહોદ તાલુકાના આગાવાડા ગામે એક પરણિતાને પતિ તથા તેના સસરા દ્વારા સારિરીક અને માનસીક ત્રાસ આપતાં આવા અમાનુષી ત્રાસથી વાજ આવેલ પરણિતાએ ઘરમાં ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતાં પંથકમાં ચક્ચાર મચી જવા પામી હતી.

આગાવાડા ગામે લીમડી ફળિયામાં રહેતી રતનીબેન ચેતનભાઈ હિમાભાઈ પરમારને તેના પતિ ચેતનભાઈ તેમજ તેના સસરા હિમાભાઈ નુરાભાઈ પરમાર અવાર નવાર પરણિતા રતનીબેનને મેણા ટોણા મારતાં હતાં અને શારિરીક તેમજ માનસીક ત્રાસ આપતાં હતાં. પતિ ચેતનભાઈ દ્વારા પરણિતા રતનીબેનન ઉપર અન્ય વ્યક્તિઓ સાથે આડા સંબંધ રાખતી હોવાનો ખોટા શક, વહેમ રાખી રતનીબેનના ચારિત્ર્ય ઉપર શંકા કરી ત્રાસ આપતો હતો. આવા અમાનુષી ત્રાસથી વાજ આવેલ પરણિતા રતનીબેન દ્વારા ગત તા.૧૬મી જુલાઈના રોજ પોતાની સાસરી આગાવાડા ગામે ઘરમાં ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતાં આ સંબંધે મૃતક પરણિતાના પીયરમાંથી વૈષાબેન ભાંદુભાઈ કટારા (રહે. જુની ભોયરા ફળિયું, તા.ઝાબબુઆ, જિ.ઝાબુઆ, મધ્યપ્રદેશ) દ્વારા ચેતનભાઈ તથા હિમાભાઈ વિરૂધ્ધ કતવારા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી બંન્ને જણાના ધરપકડના ચક્રોગતિમાન કર્યા છે.

# ભાભીના ત્રાસ માંથી મુક્ત કરાવતી ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન દાહોદ




દાહોદ,

દાહોદ જિલ્લાના નવાપુરા ગામ માંથી એક યુવતીનો ૧૮૧અભયમ મહિલા હેલ્પલાઈનમાં કોલ આવેલ કે તેમના ભાભી દરરોજ હેરાન કરે છે અને આજે માર મારેલ છે. જેમાં મદદ કરવા અભયમ રેસ્ક્યુ ટીમ દાહોદ તાત્કાલિક સ્થળ પર પહોંચી યુવતીના ભાભી અને ભત્રીજાને કડક શબ્દોમાં સૂચના આપી આ રીતે હેરાન પરેશાન નહીં કરવા જણાવેલ જેમાં બંને એ માફી માગતા સમાધાન કરાવવામાં આવ્યું હતું.

મળતી માહિતી મુજબ સંગીતા (નામ બદલેલ છે )ના છુટા છેડા થયેલ છે જે પિયર મા માતા પિતા સાથે રહેતા હતા પરંતુ બે મહિના પહેલા પિતાનું કોરોનાને કારણે અવસાન થયું હતું. જેથી તેમના ભાભી અને ભત્રીજા અહીં થી નીકળી જવા અવાર નવાર જણાવી ઝગડો કરે છે. તારી કોઈ મિલ્કત નથી બધી અમારી છે એમ કહી અવાર નવાર દબાણ કરે છે. આજ રોજ આજ બાબત ને લઇ ને ઝગડો થયો હતો જેમાં તેના ભાઈ ભાભી એ મારઝૂડ કરતા સંગીતા એ બચાવ માટે ૧૮૧મહિલા હેલ્પલાઇન મા કોલ કરેલ.

અભયમ ટીમે સંગીતાના ભાઈ ભાભીને જણાવેલ કે આ રીતે તેમને હેરાન કરવા તે ગુનો બંને છે. જેઓ એ હવે પછી કોઈપણ પ્રકારની હેરાનગતિ નહીં કરવાની ખાત્રી આપતાં સમાધાન કરાવવામાં આવ્યું હતું. પોતાને સમયસર મદદ કરવા બદલ સંગીતા એ અભયમ ટીમ નો આભાર માન્યો હતો.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 279

# પંચમહાલ આવૃત્તિ

ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર


### પંચમહાલ જીલ્લા સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ દ્વારા

## ધો.૯ થી ૧૨ની શાળાઓ શરૂ કરવા જીલ્લા શિક્ષણાધિકારીને આવેદન આપ્યું

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ દ્વારા ગુજરાત રાજ્યની તમામ ૯ થી ૧૨ ખાનગી શાળાઓને ત્વરીત શરૂ કરવા મંજુરી આપવામાં આવે તેવી માંગ સાથે જીલ્લા શિક્ષણાધિકારીને આવેદન આપવામાં આવ્યું.



પંચમહાલ જીલ્લા સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ દ્વારા રજુઆત કરાઈ છે કે, હાલમાં કોરોના મહામારી કાબુમાં આવી રહી છે. સરકાર દ્વારા ટ્યુશન કલાસીસ, સરકારી સ્કુલો દ્વારા શેરી શાળાઓ, ધાર્મીક સ્થળો, સ્વીમીંગ પુલ અને ટ્રાવેલ્સ બસો સહિત તમામ વાણિજ્ય વ્યવસાયોને કોવિડ ગાઈડ લાઈન અનુસાર ખોલવાની મંજુરી આપવામાં આવી છે. પરંતુ ખાનગી શાળાઓના વાલીઓ, શિક્ષકો, વિદ્યાર્થીઓ અને સંચાલકો લાંબા સમય થી શાળાઓ ખોલવા માટેની માંગને કોઈને કોઈ કારણોસર અનદેખી કરવામાં આવી રહી છે. જેને લઈ રાજ્યના તમામ ખાનગી શાળા સંચાલકો નારાજ છે અને ઉગ્ર પ્રતિક્રિયા આપતા સરકાર સમક્ષ શાળાઓ તુરંત ખોલવાની ઉગ્ર માંગ કરી છે.

ખાનગી શાળા સંચાલક મંડળો દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે કે, જે રીતે કોરોનાની બીજી લહેર પહેલા શાળાઓ તબકકાવાર ખોલવાની મંજુરી અપાઈ હતી અને ગુજરાતના તમામ સ્વનિર્ભર શાળા સંચાલકો એ પુરતી તકેદારી સાથે એકપણ બનાવ ન બને તેની કાળજી રાખીને શરૂ કરેલ તે રીતે જયારે કોરોના કાબુમાં આવ્યો છે અને સરકાર દ્વારા ટ્યુશન કલાસીસ, સરકારી શાળાઓ દ્વારા શેરી શાળાઓ તેમજ વાણિજય અને ધાર્મિક સ્થળોને મંજુરી આપી છે. તો ખાનગી શાળાઓને અન્યાય શા માટે ? પ્રથમ તબકકામાં સરકાર સમક્ષ ધો.૯ થી ૧૨ની શાળાઓ ફરી શરૂ કરવાની ત્વરીત મંજુરી આપવી જોઈએ. તેવી ઉગ્ર માંગણી કરી છે.

ટ્યુશન કલાસની સરખામણી એ શાળાઓના વર્ગ ખંડ શાળાના મકાનો અને સગવડતાઓ સ્વાભાવિક રીતે જ વધારે હોય તેવી જેને લઈ ટ્યુશન કલાસની સરખામણી એ કોવિડ ગાઈડ લાઈન પાલન વધારે સારી રીતે કરી શકે છે. તે ઉપરાંત ધો.૯ થી ૧૨ના વર્ગો અભ્યાસ માટે અગત્યના હોય તેમનું, લગભગ ૧૫ વર્ષ જેટલું પ્રત્યક્ષ શિક્ષણનું નુકશાન થયેલ છે. સરકાર દ્વારા વિદ્યાર્થીઓના શૈક્ષણિક ભવિષ્યનો વિચાર કરી અને વધુ વિલંબ નહિ કરી સત્વરે શાળાઓ શરૂ કરવા દેવામાં આવે તેવો ગુજરાતના શાળા સંચાલક મંડળો અનુરોધ કર્યો છે.

ગુજરાતના અમુક અંતરીયાળ વિસ્તારોમાં ઈન્ટરનેટની કનેકટીવીટીની મોટી સમસ્યા છે. ઘણા બાળકો એવા છે. જેની પાસે ઈન્ટરનેટ કે મોબાઈલ ફોનની જરૂરી વ્યવસ્થા નથી. તેવા બાળકોને ખૂબ નુકશાન થઈ રહ્યું છે. શાળા સંચાલકોને વાલીઓ દ્વારા શાળા શરૂ કરવા અનુરોધ કરવામાં આવે છે. વિદ્યાર્થીઓ પણ ખૂબ ચિંતીત જણાય છે. તેઓ પણ શિક્ષકોને ઓનલાઈન શિક્ષણ દરમ્યાન શાળા શરૂ કરવા આહવાન કરે છે.

ગુજરાત રાજ્યના શાળા સંચાલકો, સ્ટાફ અને શિક્ષકોને વેકસીનના બન્ને ડોઝ અપાઈ ગયા છે. તેથી આવનાર વિદ્યાર્થીઓ માટે શાળાઓ અને શિક્ષકો સુરક્ષીત છે. મોટાભાગના રાજ્યો એ શાળાઓ શરૂ કરવાનો રોડમેપ તૈયાર કરી જાહેર કરી દીધો છે. ત્યારે ગુજરાત રાજ્ય શિક્ષણ વિભાગ અને રાજ્ય સરકાર આ બાબતે તૈયારી કરવી જોઈએ.

ત્રીજી વેવ આવે તેવી રાહ જોઈને બાળકોનું શિક્ષણ બગાડવું ન જોઈએ. આવનાર દિવસોમાં સુરક્ષીત વાતાવરણ બનાવીને સુરક્ષાના તમામ પગલાઓ ભરી શિક્ષણ કાર્ય શરૂ કરવું જોઈએ. ભવિષ્યમાં પરિસ્થિતી અનુકુળ જણાય તો તકેદારીના ભાગરૂપે શાળાઓ જરૂરીયાત મુજબ બંધ કરી શકાય છે.

## દાહોદ અને દે.બારીયામાં મહિલા સાથે દુરવ્યવહાર અને મહિલા માનવઅધિકારોના હનનને લઈ મહિલા સંગઠીતોએ પંચમહાલ કલેકટરને આવેદન આપ્યું

ગોધરા,

પંચમહાલ જિલ્લાની શહેરા પાનમ મહિલા સંગઠન અને દાહોદ જિલ્લાની દેવગઢ મહિલા સંગઠન અને આનંદી સંસ્થાએ આજ રોજ પંચમહાલ જિલ્લા કલેક્ટર અને જિલ્લા પોલીસ વડા ને આવેદન પત્ર આપતા જણાવ્યું હતું કે, ક્રૂરતા, દૂરવ્યવહાર અને મહિલા માનવ અધિકારો નાં હનન બાબત નાં દાહોદ અને પંચમહાલ જીલ્લામાં સતત ચાલતા મહિલા હિંસાના બનાવોમાં સંરક્ષણ અને કાનૂની કાર્યવાહી મેળવવા માંગ કરવામાં આવી હતી.




હાલમાં જ દાહોદ જિલ્લાના ધાનપુર અને દેવગઢબારિયા તાલુકા તથા પંચમહાલ જીલ્લાનાં ઘોઘંબા તાલુકામાં મહિલાઓ સાથે બનેલા જઘન્ય અપરાધ નાં બનાવ જાહેરમાં આવ્યા છે. આ બનાવો ને અમે સૌ સંગઠનો કડક શબ્દોમાં વખોડીએ છીએ. આ બનાવોમાં પોલીસ ફરિયાદ થવા થી મહિલા અને મહિલા સંગઠનો તરીકે કાયદા અને ન્યાયી વ્યવસ્થામાં અમારો શ્વિવાસ વધે છે. મહિલાઓ પર અત્યાચાર, તેમને નિર્વસ્ત્ર કરી ગામમાં ફેરવી, તેમના માથાં નાં વાળ બળજબરી પૂર્વક ઉતારવા, પુરૂષો ને મહિલાના ખભે બેસાડી તેમને ગામમાં ફેરવવી, ઝાડ સાથે બાંધી જાહેરમાં લોકો દ્વારા મારપીટ, ગાળો આપી અપમાનિત કરવા, મહિલાની ઈચ્છા વિરૂધ્ધ સમાજ નાં કહેવાતા આગેવાનોની મરજી મુજબના સ્થળે રહેવાનું સ્વીકારી તેને લગ્ન મનાવવા, મહિલા અને યુવતી ની હરાજી, વહેમ, દારૂ અને પૈસાની લેવડદેવડ કરી મહિલાઓ સાથે પાશવી કૃત્ય, હત્યા અને ગુન્હા નાં પુરાવાઓનો નાશ કરી કાનૂની કાર્યવાહી ન થવા ની અસંખ્ય ઘટનાઓ વારંવાર સામે આવે છે. આ બાબતો પર અમે મહિલા સંગઠનસંસ્થાઓ સતત તપાસ અને ન્યાય માટે માંગ કરીએ છીએ.

પ્રગતિશીલ અને સભ્ય સમાજ તરીકે આગળ વધ્યાનો સમાજ અને દેશ તરીકે આપણે દાવો કરીએ છીએ. દાહોદ અને પંચમહાલ નાં સમાજ માં પ્રેમના નામે શંકા- કુશંકા ના આધારે ગુંડા-ગર્દી પણ જનક બર્બર હરકતો, યુવક અને યુવતીઓ ની હત્યા કરી તેને અકસ્માત ગણાવી આ વેદના બનાવો બની રહ્યાં છે. આઝાદીના આ ૭૫ વર્ષ નિમિત્તે તેનું અમૃત મહોત્સવ જાણે આ બનાવો વચ્ચે આપણે મનાવી રહ્યાં છીએ તેવું દેખાય છે. મહિલાઓ પર હિંસા. તેમની સાથે ભેદભાવ કરવા મહિલાના રક્ષણ માટે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કાયદા અને નીતિ વ્યવસ્થા અમલમાં છે. સતત વિકાસના ઉદેશ્ય મુજબ જેન્ડર સમાનતા અને સમાન અવસર સાથે મહીલાઓને સંરક્ષણ ને પ્રાધાન્યતા અપાઈ છે છે પણ તેમના અમલ અને આ નીતિઓ નું સામાજિક વ્યવહાર સાથે જોડાણ જોવા મળતો નથી. અને તેના ભંગ સામે યોગ્ય કાનૂની કાર્યવાહી નો અભાવ જોવા મળે છે.એક તરફ સમાજના પંચ અને બીજી તરફ પોલીસ તંત્ર અને કાનૂની વ્યવસ્થાની આંટી ઘૂંટી માં મહિલાઓ અટવાઈ છે. આ તમામ ગુન્હાઓમાં મહિલા હિંસા અને મારપીટ બાબતે કાયદાકીય કાર્યવાહી સાથે સંઘર્ષજીવી મહિલા નાં સ્વમાન, તેને વેઠવી પડતા ઘૃણા, બહિષ્કાર માટે શું ? અપમાન અને તિરસ્કાર અને ઘર થી બહાર નીકળવું મુશ્કેલ થઈ પડે છે તેનું શું . આ અને આવા પ્રશ્નો પર પણ સકારાત્મક વાતાવરણ બને અને કાર્યવાહી થાય તે જરૂરી છે.

આ તમામ બનાવોમાં આરોપીને જામીન ન મળે અને આરોપીઓને કડક સજા થાય. આ ગામની પંચાયતો દ્વારા મહિલા અને યુવતી સુરક્ષા માટે બાહેંધરી અપાય, ગામ ની સામાજિક ન્યાય સમિતિ મહિલા સુરક્ષા માટે સજાગ રહે, મહિલા અને વંચિત સમાજ પર થતી હિંસા રોકે અને તેની ફરિયાદ સ્થાનિક પોલીસ સ્ટેશનમાં નોંધાવે તે કોઈપણ પ્રકાર ની હિંસા અટકાવ માટેઆશ્વયક છેઅને અમે સૌ મહિલા સંગઠનો ની માંગ છે. મહિલાઓ પર હિંસા એ માનવ અધિકાર નો ભંગ છે. મહિલાઓ ના માનવ અધિકાર જળવાય તેવી માંગ છે.

## ગોધરા સ્વામીનારાયણ મંદિર (ટાવરવાળા) ખાતે શ્રી નિત્યસ્વરૂપ સ્વામીની ૪૭૭મી ઘર સભા યોજી હરિભકતો મોટી સંખ્યામાં હાજર રહ્યા

ગોધરા,

ગોધરામાં સહજાનંદ સોસાયટીમાં આવેલ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ૧૮/૦૭/૨૦૨૧ના રોજ માનનિય સંતશ્રી નિત્ય સ્વરૂપ સ્વામીની ૪૭૭ની ઘરસભા ગોધરામાં શ્રી સ્વામિનારાયણ મંદિર કાછીયાવાડ (ટાવરવાળું) મંદિરમાં ધરસભા ૪૭૭ યોજવામાં આવેલ હતી. સ્વામીનારાયણ મંદિર શ્રી સહજાનંદ સોસાયટીમાં નિત્યસ્વરૂપ સ્વામી દ્વારા મંદિરમાં હરિભક્તોને દર્શનનો લાભ તથા આરતી તેમના દ્વારા ઉતારવામાં આવેલ હતી. ત્યારબાદ વડતાલ ગાદીપતિ ૧૦૦૮ શ્રી રાકેશપ્રસાદજી મહારાજના સાનિધ્યમાં આવેલ સંતોમાં શ્રી અખિલશ્રદેશનો સંતોતા અધ્યક્ષ શ્રી નૌતમપ્રકાશની ગોધરામાં પધારેલ



તસ્વીર : રાજેશ પટેલ, ગોધરા

હતા. શ્રી સ્વામિનારાયણ મંદિર કાછીયાવાડ (ટાવરવાળું)માં હરિભકતોની દર્શન માટે હરિભકતો ઉમટી પડયા હતા. શ્રી સ્વામિનારાયણ મંદિર કાછીયાવાડમાં ધરસભા ૪૭૭ની મંદિરમાં યોજવામાં આવેલ હતી. સંતશ્રી નિત્યસ્વરૂપ સ્વામી દ્વારા દાદાખાચરનાં અને ગઢપુર ધામમાં બિરાજેલ શ્રી ગોપીનાથજી મહારાજનાં શિક્ષાપત્રીમાં આવેલ હૃદયને સ્પર્શે તેવા સંતો દ્વારા હરિભકતોને ધરસભામાં સંબોધન કરેલ હતું. શ્રી સ્વામિનારાયણ મંદિરમાં સ્વાગત કાર્યક્રમમાં મંદિરના ડાઁ. વિપુલભાઈ પટેલ તથા કાઉન્સીલર ભારતીબેન સતિષભાઈ પટેલ દ્વારા ફુલહાર થી સ્વાગત કરેલ હતું. શ્રી સંતોના અધ્યક્ષ શ્રી ગૌતમ સ્વામીનું સ્વાગત સંજયભાઈ પટેલ (એન્જી.) આર્ટીકિટ-ઓજશભાઈ, સંદિપભાઈ , અક્ષયભાઈ તથા મુકેશભાઈ, બાલઘૂન મંડળના પ્રમુખ મુકેશભાઈ પટેલ દ્વારા અને શ્રી સ્વામિનારાયણ મંદિર કાછીયાવાડના અગ્રણી હરિપ્રસાદભાઈ પટેલ (હરિભકત) દ્વારા સ્વાગત તથા ફુલહાર થી સ્વાગત કરવામાં આવેલ હતું. ગોધરા થી રાજેશ એસ.પટેલ (સત્સંગી) પત્રકાર દ્વારા શ્રી હરિકાકા પટેલ છેલ્લા ૩૦ વર્ષથી મંદિરની સેવા આપે છે.

## મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન દ્વારા કોવિડ-૧૯ થી થયેલા અસરગ્રસ્તો-માનવજીવન રક્ષણ અભિયાન


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના પ્રવર્તમાન આચાર્ય શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામી મહારાજની આજ્ઞા અન્વયે કોવિડ-૧૯ થી અસર પામેલા લોકોનું જીવન બચાવવા-આવા સંકટના સમયમાં તાત્કાલિક સહાયની જરૂર થતાં મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનને પશ્ચિમ ઓસ્ટ્રેલિયાની સરકાર દ્વારા પણ આ પહેલને સમર્થન આપવામાં આવ્યું છે. આ સેવા કાર્ય પંચમહાલ જિલ્લાના કોવિડ-૧૯ અસરગ્રસ્તોના જીવન રક્ષણાર્થે પશ્ચિમ ઓસ્ટ્રેલિયાની સરકારના સહયોગથી મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન દ્વારા પૂજનીય સંતોએ ૧૦૧ કરતાં વધારે કોરોના દર્દીઓના પરિવારોની સારવાર માટે રૂપિયા ૨૧ લાખ ઉપરાંત આર્થિક સહાય આપી છે.

## ગોધરા શહેરના મકનકુવા વિસ્તારમાં આવેલું એક મકાન થયું ધરાશાયી, સદભાગ્યે કોઈ જાનહાનિ નહીં



ગોધરા,

ગોધરા શહેરમાં ગતરોજ સમી સાંજે તેમજ મોડી રાતે ભારે વરસાદી ઝાપટા પડ્યા હતા. જેને લઈને ગોધરા શહેરમાં ઠેકઠેકાણે પાણી ભરાયાં હતાં. ગોધરા શહેરમાં ગત સાંજે એક કલાકમાં એક ઇંચ જેટલો વરસાદ ખાબક્યો હતો, ત્યારે વરસાદને લઈને ગોધરા શહેરના મકનકુવા વિસ્તારમાં આવેલા કોઠારીવાડમાં આવેલું એક જૂનું અને જર્જરીત મકાન ધરાશાયી થઈ ગયું હતું. સદભાગ્યે આ મકાનમાં કોઈ રહેતું ન હોવાથી સમગ્ર બનાવમાં કોઈ જાનહાનિ થવા પામી ન હતી. આ ઘટનાને પગલે આસપાસના વિસ્તારના લોકો દોડી આવ્યા હતા. હાલ આ મકાનમાં કાટમાળને ખસેડવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી.

## મોરવા(હ) વિનયન કોલેજમાં એમ.એ. વિભાગમાં પાંચ વિષયોનો અભ્યાસ શરૂ કરવા ABVP દ્વારા માંગ



મોરવા(હ),

મોરવા(હ) ખાતે આવેલ શ્રી વિનયન આર્ટસ એન્ડ સાયન્સ કોલેજમાં એમ.એ. વિભાગમાં હિન્દી, ગુજરાતી, સંસ્કૃત, અંગ્રેજી અને સમાજશાસ્ત્રના વિષયો શરૂ કરવામાં એ.બી.વી.પી. દ્વારા રજુઆત કરાઈ છે. મોરવા(હ) ખાતે આવેલ શ્રી વિનયન આર્ટસ એન્ડ સાયન્સ કોલેજમાં એમ.એ. વિભાગમાં પહેલે થી ઈતિહાસ વિષય ચાલે છે. જ્યારે હિન્દી, ગુજરાતી, સંસ્કૃત ત્રણ વિષયો પહેલા ચાલુ હતા. જે ગયા વર્ષથી બંધ કરવામાં આવ્યા છે. તે વિષયો શરૂ કરવામાં આવે સાથે અંગ્રેજી અને સમાજશાસ્ત્રના વિષયો પણ શરૂ કરવામાં આવે તેવી માંગ કરાઈ છે. મોરવા(હ) તાલુકાના તમામ વિસ્તાર આદિજાતિ અને પછાત વર્ગનો વિસ્તાર છે. આ વિસ્તારના લોકોની આર્થિક પરિસ્થિતી સારીના હોવાના કારણે વિદ્યાર્થી બી.એ. પૂર્ણ કાર્ય પછી તેઓ આગળની એમ.એ.ના અભ્યાસ કરી શકતા નથી અને ઉચ્ચ શિક્ષણ લઈ શકતા નથી. ત્યારે મોરવા(હ) વિનયન આર્ટસ એન્ડ સાયન્સ કોલેજમાં એમ.એ.ના પાંચ વિષયો શરૂ કરવામાં આવે તેવી માંગ સાથે એ.બી.વી.પી. શાખા દ્વારા રજુઆત કરવામાં આવી છે.

## કાલોલ નગરપાલિકાના કોમ્પલેક્ષ પાસે ટ્રકચાલકે બાઈક ચાલકને અડફેટેમાં લેતાં બાઈક પર સવાર બે વ્યકિતઓ નો આબાદ બચાવ

કાલોલ,

ડેરોલસ્ટેશન તરફ જતાં બાઈક ચાલક ને પાછળ આવતી પુર ઝડપે અને ગફલતભરી રીતે હંકારી આવતાં ભાઈક ચાલકને અડફેટે માં લેતા બાઈક ચાલક ને સામાન્ય ઈજાઓ થતાં બાઈક પર સવાર બેનો આબાદ બચાવ થયો હતો.


તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ ડેરો સ્ટેશન સંજીવની હોસ્પિટલમાં સાળાની છોકરીને સારવાર અર્થે રાખવામાં આવી હોવાનું જાણવા મળતાં બનેવી રાજેન્દ્રસિંહ તખતસિંહ ગોહિલ ઉ.વ.૩૮ આને તેમના પત્ની રેખમબેન રાજેન્દ્ર સિંહ ગોહિલ ઉ.વ. ૩૫ બંને કાલોલ સંજીવની હોસ્પિટલમાં સારવાર અર્થે સાળાની પુત્રીની ખબર અંતર જોવા જવા નિકળયા હતાં. પરંતુ કાલોલ નગરપાલિકાના કોમ્પલેક્ષ પાસેથી પસાર થતાં ડેરોલસ્ટેશન જતાં રોડ પર બાઈક લઈને પસાર થતાં ગોધરા તરફથી આવતી ટ્રકનો ચાલક કાલોલ જી.આઈ.ડી.સી તરફ જવાનું હોવાથી ગફલતભરી અને પુરઝડપે ટ્રકને હંકારતાં બાઈક ને પાછળ થી અડફેટે માં લીધી હતી.જેના કારણે બાઈક પર સવાર પતિ-પત્ની બંને જમીન પર પટકાયા હતા.બાઈક પણ જમીન પર પટકાતાં ટ્રક નીચે ભરાઈ ગઈ હતી. જોકે બાઈક પર સવાર પતિ-પત્ની રાજેન્દ્ર સિંહ અને રેખમબેન જમીન પર પટકાતાં રાજેન્દ્રસિંહને મોં ના અને પગના ભાગે ઈજાઓ પહોંચી હતી. જોકે બનાવ સ્થળે નજીક ના લોકો આવી જતાં તેમને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જોકે કાલોલ ડેરોલ સ્ટેશન રોડ પર એક પણ બંધ ન હોવાને કારણે વાહનો પુરઝડપે હંકારતાં આ રોડ પર અનેક અકસ્માતના બનાવો બનતાં હોય છે. પરંતુ તંત્ર ની આંખ ખુલતી નથી. જોકે સોમવારના રોજ બપોરના સમયે ટ્રક અને બાઈકના અકસ્માતમાં બાઈક પર સવાર પતિ-પત્ની નો આબાદ બચાવ થયો હતો.


તસ્વીર : આસીફ ઘંત્યા, ગોધરા

**ગોધરા સાતપુલ વિસ્તાર માંથી પસાર થતી બાઈકમાં અચાનક આગ લાગી હતી. સમય સુચકતાને લઈ યુવકનો આબાદ બચાવ થયો.**

## કાલોલના બેઢીયા ગામે ભેંસો ચરાવતા યુવાન ઉપર આકાશી વીજળી પડતા મોત

કાલોલ,

કાલોલ તાલુકાના બેઢીયા પંચાયતમાં આવેલી મુવાડીઓ પૈકી રકાની મુવાડી (પથ્થરની મુવાડી)ગામે રહેતા અનેકાલોલ જીઆઈડીસીની એક કંપનીમાં નોકરી કરતા વિજય બળવંતભાઈ ચૌહાણ (ઉ.વ.૩૫) ભેંસો ચરાવવા માટે સીમમાં ગયો હતો. એ બપોરના સુમારે મોટા કડાકા સાથે વીજળી સીમમાં ઢોર ચારતા વિજય પર પડતા તેનુ ઘટના સ્થળે જ મોત નીપજવા પામ્યુ હતુ. આમ સામાન્ય અને છુટાછવાયા વરસાદના માહોલ વચ્ચે દુર્ભાગ્યપુર્ણ રીતે એક વીજળીના કડાકાએ બેઢીયાની મુવાડીના થોડા વર્ષ પહેલા પરણેલા એક નવ નવ જુવાનનો ભોગ લેતા મૃતકના પરિવારજનોને માથે આભ તુટી પડતા ગામમાં શોકનુ મોજુ ફરી વળ્યુ હતુ. જે સમગ્ર ઘટના અંગે ગ્રામજનોએ વેજલપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરતા પોલીસે મૃતદેહને પી.એમ.અર્થે કાલોલ રેફરલ હોસ્પિટલ ખાતે મોકલી આપ્યો હતો.